॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય શ્રીયોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રીનારાયણ જાની
**સંપાદક :** શ્રીતરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રીઆશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ દુર્જનની દુષ્ટતા એના સ્વયંના હિતમાં પણ નથી ॥

એક દુર્જનને ગામના લોકોએ પકડીને ઝાડ સાથે બાંધી દીધો અને કહ્યું કે, સાંજ સુધીમાં તને અમે સમુદ્રમાં ડૂબાડી દઈશું. આમ કહીને એ લોકો પોતપોતાના કામ પર ચાલી ગયા. ત્યાં એક ગામડિયો આવ્યો તેણે આને પૂછ્યું કે તને આમ કેમ બાંધવામાં આવ્યો છે ? ત્યારે ચાલાક દુષ્ટે કહ્યું; કેટલાક લોકોએ મને બાંધી દીધો કેમકે મેં તેમના પૈસા લેવાનો ઈન્કાર કરી દીધો. ગામડિયાએ આશ્ચર્યચકિત થઈ પૂછ્યું. એ તમને રૂપિયા આપવા માગતા હતા અને તમે તેનો ઈન્કાર કર્યો ? દુષ્ટે કહ્યું; હું તો ધાર્મિક માણસ છું. ને એ લોકો અધાર્મિક છે. મને તેઓ પથભ્રષ્ટ કરવા ચાહે છે. ગામડિયાએ કહ્યું; હું તમારી જગ્યાએ બેસું છું. તે બંધાઈ ગયો ને દુષ્ટને મુક્ત કરી દીધો. સાંજે લોકો આવ્યા અને એ ગામડિયાને કોથળામાં પૂરી, સમુદ્રમાં ડૂબાડી આવ્યા. બીજે દિવસે સવારે ગામના લોકોએ પેલા દુષ્ટને ઘેટાંનાં ટોળાં સાથે હસતો-હસતો પ્રવેશ કરતો જોયો, ચકિત થઈ ગયા ! ત્યારે તેણે કહ્યું; 'સમુદ્રમાં બહુ દયાવાન જીવો રહે છે. એ બધાંને પુરસ્કાર આપે છે, જે સમુદ્રમાં કૂદીને ડૂબી જાય તે પામે છે.' આ જાણતાં જ ગામના લોકો દોડ્યા ને સમુદ્રમાં ડૂબી ગયા. અને હવે તે દુષ્ટ આખા ગામનો માલિક બની બેઠો !

આ વાર્તાનો મર્મ એ છે કે એક ગામના, એક દુષ્ટના ઉપદ્રવની આ વાત છે; પણ આખી પૃથ્વી આવા દુર્જનોથી ભરચક છે, પરંતુ દગો-બેઈમાની તત્ક્ષણ કંઈ આપતી દેખાય છેવટે તો બધું છીનવી જ લે છે. તેથી બેઈમાની હિતકર નથી, સ્વયંના હિતમાં પણ નથી. જ્યારે ગામમાં કોઈ જ ન બચે અને તમે ગામના માલિક થઈ જાઓ તો એ માલિકીનું મૂલ્ય શું ? માલિકી બીજા પર નિર્ભર છે. કેવળ સંન્યાસમાં જ આત્મનિર્ભરતા છે. **—'એક બોધકથા'**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥ ॥ ૐ 'મા' સર્વેશ્વર્યૈ નમઃ ॥

## ॥ ફેબ્રુઆરી, ૨૦૨૫ ॥

રાજા હરિશ્ચન્દ્ર જ્યારે પણ દાન આપવા હાથ આગળ ઊઠાવતા ત્યારે નજર નીચે ઝુકાવી દેતા. આ રહસ્ય વિશે જ્યારે તેમને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું;

'દેનહાર કોઈ ઓર હૈ, ભેજત જો દિન રૈન
લોગ ભરમ હમ પર કરે, તાસોં નીચે નૈન.'

અર્થાત્ ભગવાન જ બધું કરે છે, કરાવે છે તે જ જગાડે છે, તે જ સુવાડે છે. એ જ ભગવાને પહેલાં આપ્યું છે એટલે જ આપણે આપીએ છીએ. એમાં ઘમંડ કઈ વાતનો ?

# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧ શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૮ |
| ૨ જગદંબાનું શરણ | શ્રી યોગેશ્વરજી | ૧૦ |
| ૩ આત્મિક સામ્રાજ્યની સંપ્રાપ્તિ | " | ૧૧ |
| ૪ ભગવાન શંકરે કરેલી રામની સ્તુતિ | " | ૧૨ |
| ૫ 'ભાગવત'માં કુંતીની પ્રાર્થના | " | ૧૩ |
| ૬ પ્રાર્થનાનું મહત્ત્વ | સં.ડૉ.અરુણા ઠાકર | ૧૪ |
| ૭ ઉગમણે પંથે | શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી | ૩૨ |
| ૮ 'મા'ના ઘરે | " | ૩૮ |
| ૯ શ્રીરામકૃષ્ણદેવ સાથે નરેન્દ્રનાથની પહેલી મુલાકાત | સંકલન | ૪૪ |
| ૧૦ શ્રીરામકૃષ્ણનો નરેન્દ્રનાથ માટેનો ઉપેક્ષાભાવ | " | ૪૬ |
| ૧૧ નરેન્દ્રનાથે કરેલો સિદ્ધિઓનો અસ્વીકાર | " | ૪૭ |
| ૧૨ નરેન્દ્રનાથનું જીવન એક સીમાચિહ્ન | " | ૪૮ |
| ૧૩ નારેશ્વરનો નાથ : શ્રીરંગ અવધૂત | " | ૫૧ |
| ૧૪ મારો અરિ : અ-હરિ | શ્રી તરલા દેસાઈ | ૬૨ |


**॥ સંદર્ભગ્રંથોમાંથી સાભાર ॥**

(૧) 'શ્રીરામકૃષ્ણદેવ' : પ્રકાશક સ્વામી જિતાત્માનંદજી

(૨) 'શ્રીરંગ અવધૂત' : જીવનચરિત્ર

(૩) 'પ્રાર્થના સાધના છે': શ્રીયોગેશ્વરજી

**નિવેદન :** શ્રેય તરફ અભિમુખ કરી, પ્રભુસંમુખ, સંસારવિમુખ કરનારાં પૂ.શ્રી'મા'ને અનંત કોટી પ્રણામ.

જન્મ-મૃત્યુની સ્થૂળ ઘટનાઓને ન ગાંઠતું 'ચૈતન્ય' સર્વ હૃદયમાં, સૃષ્ટિના કણકણમાં છે. એ ઈન્દ્રિયગમ્ય નથી, ઈન્દ્રિયાતીત છે. એ દર્શન, શ્રવણ કે સ્પર્શનો વિષય નથી, સૂક્ષ્મ અનુભૂતિ છે. જે સર્વને પ્રતીતિ કરાવે છે :

'હું એક નથી, પ્રત્યેક છું, પારાવાર છું.'

મનુષ્યમાત્ર આત્મવાન છે પણ ભૌતિક વસ્તુઓ ધન, પદ, કીર્તિ પાછળ પડીને તેણે જાતને ક્ષુદ્ર બનાવી છે. દુનિયાના સર્વ પદાર્થો આપણાથી નીચે છે પરંતુ એને ઝૂકતાં ઝૂકતાં આપણે મહામૂલા હોવા છતાં મામૂલી બની જઈએ છીએ.

વાયુ જેમ આપણી સામે, આજુબાજુ, ભીતર, બહાર, આપણા રોમેરોમમાં મોજૂદ છે તેમ 'પ્રભુ' પણ આપણા રોમેરોમમાં, સર્વત્ર સમાહિત છે. અરે, એ આપણે 'સ્વયં' છીએ પણ આપણને જ ખબર નથી.

જીવવાના બે રસ્તા છે : પ્રેય અને શ્રેય. આપણને ગમે છે પ્રેય, જે સરળ અને સુખકર લાગે છે. પણ પરમ પૂજ્ય શ્રી'મા' જેવા સંતો જે શ્રેયસ્કર છે તેના તરફ જ આપણને અભિમુખ કરી, સંસારવિમુખ અને પ્રભુસંમુખ કરે છે. પૂ.શ્રી'મા'ની અવિશ્રાન્ત સાધનાએ આપણા આત્માની સંભવિતતાનું ઐશ્વર્ય કેટલી હદ સુધી વિસ્તરી શકે છે તે દર્શાવ્યું છે. કશુંય નીરસ, શુષ્ક નહિ, પણ આનંદ, કેવળ પ્રસન્નતાનું અસીમ ઉડાન સંકેતી, આપણું સાચું ઐશ્વર્ય સિદ્ધ કરવાની દિશા ખોલી આપી છે. ૐ સ્વરૂપા 'મા'ને કોટિ કોટિ પ્રણામ કરી કહેવાનું મન થાય કે, તમે છો, 'તમે પ્રકાશો છો, તમે પ્રેમ છો અમે કંઈ નથી, ક્યાંય નથી.'

## ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૨/૬/૧૯૮૩, ગુરુવાર. વૈશાખ વદ છઠ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : ધરાસુથી દેવપ્રયાગ થઈ ઋષિકેશ.**

હવે આજે દેવપ્રયાગ થઈને ફિયાટમાં જઈશું.

ઋષિકેશ સારી રીતે જઈશું. કશી તકલીફ નહિ પડે.

જમનોત્રી તો નથી જવું. આપણે નથી જવું. બીજાને જવું હોય તો ભલે જાય.

ઋષિકેશ ઈન્દ્રલોક હૉટલમાં ઉતરીશું.

સ્વર્ગારોહણ ટ્રસ્ટ કરતાં ઈન્દ્રલોકમાં સારું છે. ત્યાં ઉતરીશું.

પછી જેમ કહું તેમ.

૧॥ વાગ્યે ચાલજો અહીંથી.

**૨/૬/૧૯૮૩, ગુરુવાર**

સવારે પૂ.શ્રીએ ઉપર મુજબની વિગત પ્રભુ પાસેથી મેળવી લીધી. અને એ મુજબ ધરાસુથી સાડા છ વાગ્યે નીકળવાની યોજના હતી, પણ પૂ.શ્રી પોણા સાતે નીકળવાનું છે એનું સ્મરણ કરી એજ રીતે નીકળ્યા.

માર્ગમાં ટીહરીમાં ગાડી રીપેરીંગ માટે અડધો કલાક રોકાયા. ટીહરીમાં શ્રીનગર થઈને નહિ પણ બીજા જ કાચા માર્ગે દેવપ્રયાગ પહોંચ્યા.

કુટિયાનાં દર્શન માટે ઉપર ચઢ્યા. પૂ.શ્રી પાછળથી ત્યાં આવ્યા. હવે તો કુટિયાને મોટી, ઊંચી ને પાકી કરી છે. ત્યાં જે

કેરીનો આંબો છે તેની વળાંકવાળી ડાળી પણ કાપી નાંખી છે. પૂ.શ્રીની સાધનાભૂમિનું સાચું સ્મરણ કરાવનારી એ પવિત્ર ભૂમિ ને કુટિયાનું નાનકડું બારણું, એ ચિરપરિચિત સ્થળનાં દર્શન પૂ.શ્રીને માટે તો હૃદયસ્પર્શી હતાં પણ સૌને માટે પણ એ એટલાં જ હૃદયસ્પર્શી હતાં. પૂ.માતાજી આ સ્થાનમાં રહ્યા કેવી રીતે એજ સૌના મનનો પ્રશ્ન હતો. પૂ.શ્રીએ માતાજીનાં સ્મરણો કહ્યાં. કુટિયા પરથી બીજા સારા માર્ગે નીચે ઉતર્યા. ભાગીરથી ને અલકનંદાના સંગમ ઉપર જઈને સ્નાન કર્યું. સ્નાન બાદ ફરી સ્ટેન્ડ ઉપર આવી ગયા. પૂ.શ્રીએ દૂધ પીધું.

સવારે ધરાસુમાં પ્રથમ વાર દૂધ પીતાં પહેલાં દર ગુરુવારે સાંઈબાબાની જે સ્તુતિ બોલાય છે તે કરી લીધી હતી. સાડા ત્રણ વાગ્યે ગાડીઓ ઋષિકેશ તરફ ચાલી. છ વાગ્યે ઋષિકેશ આવી ગયાં. ઈન્દ્રલોકમાં એજ ઓરડામાં ઉતર્યાં. આજે માર્ગમાં વશિષ્ટ ગુફા ને તપોવનનાં દર્શન કર્યાં. ઋષિકેશ આવ્યા પછી થાક લાગ્યો હતો. પૂ.શ્રી સાથે મહાલક્ષ્મીમાં ભોજન લીધું. આરામ.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

# ॥ જગદંબાનું શરણ ॥

દુર્ગાસપ્તશતી અસુરોના નાશનો મંગલમય માર્ગ બતાવે છે. પોતાની અંદર અથવા બહાર આસુરી વૃત્તિ શક્તિ કે પ્રવૃત્તિને પેખીને માનવ નાહિંમત ના બને, નિરાશ ના થાય, અને નિષ્કર્મણ્ય ના બની જાય એ અત્યંત આવશ્યક છે. એની સાથે સાથે એ પોતાની સઘળી દિવ્ય શક્તિઓનો સંચય કરે એ પણ એટલું જ આવશ્યક છે. આસુરી વૃત્તિ સામેના સંગ્રામમાં દૈવી શક્તિઓએ સંગઠિત થવું પડશે. વિજય પોતાનો જ થશે એવો આત્મવિશ્વાસ જગાવવો ને વધારવો રહેશે. એવા વિજય માટે પરમાત્માની પરાત્પરા સર્વેશ્વરી શક્તિનું, જગદંબાનું, સર્વભાવે શરણ લેવું પડશે. એના શરણથી સાંપડનારી સહાયતાથી એ કાર્ય સહેલું બનશે.

દૈવી દિવ્ય ચેતના સર્વોપરિ છે. દૈવી શક્તિઓ અથવા દેવોના સંમિલિત સામુહિક સમન્વયાત્મક તેજરૂપે એ જીવનમાં ખાસ કરીને સાધકના જીવનમાં પ્રગટ થાય છે. એ પ્રકટે કે જાગે છે ત્યારે અંદરની અને બહારની આસુરી શક્તિઓ એનો વિરોધ કરે તો પણ એની આગળ ફાવી નથી શકતી. એ ચેતના સર્વભક્ષી હોય છે. આસુરી શક્તિઓ પોતાના પ્રતિકૂળ પ્રભાવથી આત્મારૂપી ઈન્દ્રના મૂળભૂત અધિકારોને છીનવી લે છે અને એને દીન, હીન ને દુઃખી કરે છે તો પણ એનું એ દુઃખ દીર્ઘકાળ પર્યંત નથી ટકતું. એ પોતાના મૂળભૂત અધિકારોને અને સચ્ચિદાનંદમયી ઈન્દ્રપુરીના સુખમય શાસનને પુનઃપ્રાપ્ત કરે છે.

**—શ્રીયોગેશ્વરજી**

**('દુર્ગાસપ્તશતીસાર')**

# ।। આત્મિક સામ્રાજ્યની સંપ્રાપ્તિ ।।

વેદમાં કહ્યું છે કે આ આત્મા બ્રહ્મસ્વરૂપ છે. શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સચ્ચિદાનંદ છે. પોતાના આત્મિક રાજ્યનો અધીશ્વર છે. એ સુરથ એટલે કે શરીરના સુંદર રથમાં વિરાજમાન છે. મૂળભૂત રીતે જોતાં આત્મા અલૌકિક છે. તો પણ પ્રકૃતિના સંસર્ગમાં પડવાથી એના શુદ્ધ-બુદ્ધ સ્વરૂપને અને આત્મિક સામ્રાજ્યને ખોઈ બેઠો છે. મન તથા બુદ્ધિરૂપી મંત્રીઓ સારા ન મળવાથી એ ક્લેશ, પરિતાપ, પરવશતા અને અશાંતિનો અનુભવ કરી રહ્યો છે. નિરંતર ચિંતન મનનરૂપી વ્યાપારો કરનારું મન સમાધિ વૈશ્ય જેવું છે. સમાધિ, શાંતિ, સ્થિરતા અને સંવાદિતાની સર્વોત્તમ ભૂમિકામાં સ્થિતિ કરવાને બદલે ઈંદ્રિયોના સંસર્ગથી એની સમાધિ, શાંતિ, સ્થિરતા તથા સંવાદિતાનો નાશ થયો છે. એ બધી રીતે બેચેન છે. એ બંનેને એમના મૂળ વાસ્તવિક સ્વરૂપમાં પ્રતિષ્ઠિત કરીને પૂર્ણતા, મુક્તિ ને પરમશાંતિ કોણ આપી શકે ? પરમાત્માની પરમ કૃપાથી સાંપડેલી ઋતંભરા પ્રજ્ઞા કે સત્યાસત્યને પરખવામાં કુશળ યોદ્ધા જ જીવાત્માને પરમાત્મા તરફ પ્રેરી શકે અથવા જગદંબાના અનુગ્રહથી અલંકૃત થવા માટે પથપ્રદર્શન પૂરું પાડે. પરમાત્માના સાક્ષાત્કારથી સાર્થક અથવા સફળ મનોરથ થયેલો સાધક છેવટે પોતાના અસલ આત્મસ્વરૂપને અનુભવીને ખોવાયેલા આત્મિક સામ્રાજ્યની સંપ્રાપ્તિ કરે છે. એની પરાધીનતા ને દીનતા દૂર થાય છે. એના જીવનમાં બીજી કોઈ સાધના શેષ નથી રહેતી.

**–શ્રીયોગેશ્વરજી**

(‘દુર્ગાસપ્તશતીસાર’-ચંડીપાઠ)

# ॥ ભગવાન શંકરે કરેલી રામની સ્તુતિ ॥

હે રમાના સ્વામી રામ, તમારો જયજયકાર હો. તમે સંસારના ભય, શોક તથા સંતાપનો નાશ કરનારા છો. શરણાગતના રક્ષક છો. હે અવધેશ, સુરેશ, રમેશ, સર્વસમર્થ પ્રભુ, હું-પ્રાર્થું છું કે મારી રક્ષા કરો.

તમે મહાબળવાન રાવણનો સંહાર કરીને માનવોને મુસીબતમાંથી મુક્ત કર્યા. રાક્ષસોના સમૂહરૂપી પતંગિયાં તમારા બાણરૂપી પ્રચંડ પાવકમાં બળીને ખાખ થઈ ગયાં.

તમે મહામંડળના સુંદર શણગારરૂપ છો. ધનુષ્યબાણને ધારણ કરો છો. મદ, મોહ, મમતારૂપી રાતના ઘોર અંધકારનો અંત આણવા માટે તમે પરમપ્રતાપી સૂર્ય છો. કામદેવરૂપી નિષાદે માનવોના મૃગોને કુભોગરૂપી બાણો માર્યા છે. તમે વિષયરૂપી વનમાં ભૂલા પડેલા એવા અનાથજનોના કામનો નાશ કરીને રક્ષા કરો.

લોકો અનેક પ્રકારના વ્યાધિ તથા વિયોગના ભોગ બન્યા છે તેવું કારણ તમારી ભક્તિનું, તમારાં શ્રીચરણોનું વિસ્મરણ છે. તમારા શ્રીચરણોનો પ્રેમ નથી કરતા તે સંસારસાગરમાં ડૂબી જાય છે, દુઃખી થાય છે.

હે મુનિઓના મનકમળના ભ્રમર, તમને ભજું છું. હે હરિ, રઘુવીર, અજન્મા, મહારણધીર, તમારું નામ જપું છું. તમને નમું છું. હે સંસારરોગના નાશ કરનારા, કૃપાસિંધુ, સદગુણભંડાર, તમને પ્રણામ કરું છું. તમે મારા પર કૃપાદૃષ્ટિ કરો.

મારી વારંવારની પ્રાર્થનાને લક્ષમાં લઈને હે પ્રભુ, મને તમારાં ચરણકમળની અખૂટ અનંત ભક્તિ આપો અને સદા સત્સંગ સાંપડે એવું સૌભાગ્ય પ્રદાન કરો.

—શ્રીયોગેશ્વરજી

# ॥ 'ભાગવત'માં કુંતીની પ્રાર્થના ॥

તમે સર્વ ભૂતોની અંદર અને બહાર રહેલા છો. તો પણ ઈન્દ્રિયોથી ને વૃત્તિથી જોઈ શકાતા નથી. તમે પ્રકૃતિથી અતીત આદિપુરુષ પરમાત્મા છો. હું તમને નમસ્કાર કરું છું.

ઈન્દ્રિયોથી જે પણ જાણી શકાય છે તેની પાછળ તમે ઢંકાયેલા રહો છો. હું તમને કેવી રીતે કયા સાધનથી જાણી શકું ? અજ્ઞાનીજનો બીજા વેશ ધારણ કરનારા નટને પ્રત્યક્ષ જોવા છતાં પણ ઓળખી શકતા નથી તેમ તમને ઓળખવાનું કામ પણ અઘરું છે. શુદ્ધ હૃદયવાળા વિચારશીલ પરમહંસોના અંતરમાં પ્રેમભક્તિને પ્રકટાવવા માટે પ્રકટેલા તમને અમે કેવી રીતે ઓળખી શકીએ ?

હે પ્રભુ, હે જગદ્‌ગુરુ, અમારા જીવનમાં સદા વિપત્તિઓ આવ્યા કરે. કેમકે વિપત્તિમાં જ તમારું દર્શન થાય છે અને તમારું દર્શન થયા પછી અવિદ્યાનો અંત આવે છે.

ગંગાની ધારા જેવી રીતે અખંડ રીતે સમુદ્રમાં ભળતી રહે છે તેવી રીતે મારી બુદ્ધિ ક્યાંય બીજી તરફ જવાને બદલે નિરંતર તમને જ ભજે ને પ્રેમ કરે એવું પ્રાર્થું છું.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ પ્રાર્થનાનું મહત્ત્વ ॥

પ્રાર્થનાનું મહત્ત્વ નાનામોટા બધા જ ધર્મોમાં લગભગ સર્વ સંમતિથી સ્વીકારવામાં આવ્યું છે. સંસ્કૃતિના ઉષાઃકાળથી આરંભીને આજ સુધી માનવે પ્રાર્થનાનો આધાર લીધો છે, એમાંથી પ્રેરણા મેળવી છે, અને પથપ્રદર્શન પ્રાપ્ત કર્યું છે. એનો આધાર (આશ્રય) આબાલવૃદ્ધ સાક્ષરનિરક્ષર સૌ કોઈ લઈ શકે છે. અને તે સૌને માટે શ્રેયસ્કર ઠરે છે.

પ્રસ્તુત વિષયમાં મારે પ્રાર્થનાની મહત્તા, ઉપયોગિતા અથવા શ્રેયસ્કરતાની વિચારણા રજૂ કરવી છે. એના પરિશીલનના પરિણામે પ્રાર્થનાની પવિત્ર પ્રવૃત્તિ પ્રત્યે પ્રેમ પ્રગટશે અને પ્રાર્થનાનો લાભ લેતાં થવાશે એવી શ્રદ્ધા છે.

હિમાલયનિવાસી ગુજરાતી સંત મહાપુરુષ પ.પૂ.યોગેશ્વરજીએ કહ્યું છે કે, ‘‘પ્રાર્થના સાધના છે, જીવનવિકાસની સીધી, સચોટ, સર્વોત્તમ, સર્વશ્રેયસ્કરી સાધના છે અને સાધના બની શકે છે.’’ મોટાભાગના માનવો પ્રાર્થનાનો આધાર લે છે ખરા પરંતુ લેવા માટે, પરંપરા કે રૂઢિના પાલન ખાતર, શોખને માટે, અથવા નિશ્ચિત નિયમને જાળવવા માટે લેતા હોય છે. એટલે એ સાધના નથી બનતી અને એમના જીવનવિકાસમાં મદદરૂપ પણ નથી બનતી. જો એનો સાધના તરીકે આધાર લેવામાં આવે છે તો એ આત્મવિકાસમાં ખૂબ જ ઉપયોગી ઠરે છે, અમોઘ આશીર્વાદરૂપ બને છે, તેમજ ચમત્કારોનું સર્જન કરે છે.

A PRAYER is away from ourselves and to be near with God.

પ્રાર્થનામાં દીનતા નહિ, લીનતા હોવી જોઈએ.

પ્રાર્થનામાં લાગણી હોય, માગણી નહિ.

ગંગાકિનારે હોઈએ પછી કૂવો ખોદવાની જરૂર નહિ. હીરાની ખાણ પાસે હોઈએ ત્યારે કાચના કટકા શોધવાની જરૂર નહિ. પરમતપસ્વિની 'મા' સર્વેશ્વરીએ કહ્યું છે કે, ''પ્રાર્થના પ્રભુને એટલે કરવાની કે પ્રભુ પછી બહાનું ના કાઢે કે, તેં મને પોકાર્યો કેમ નહિ ? હું તો આવવા તૈયાર હતો.''

પુરુષાર્થની ટોચ પર જ પ્રાર્થના રહી શકે. મહાત્મા ગાંધીજી કહેતા કે, 'પ્રાર્થનાથી મારી બધી સમસ્યાઓ સધાઈ જાય છે. એ આત્માનું સ્નાન છે.'

પ્રાર્થના જેવું સરળ, સચોટ સાધન બીજું એકે નથી. A Prayer in its simplest definition is merely a wish turned Godward. પ્રાર્થના એ ઈશ્વરપ્રત્યેનો સમર્પણભાવ છે. ઈશ્વર સાથે અનુસંધાન સાધવાનું માધ્યમ છે. ઈશ્વર સાથેનો નાતો છે. તેનાથી પૃથક થયેલા જીવનો, પ્રાર્થના દ્વારા તેમાં ભળી જવાનું છે. જીવ-શિવનું આંતરઐક્ય સાધવાનું છે. ચેતનાનું પરમ ચૈતન્ય સાથેનું અદ્વૈત સાધવાનો ઉત્તમ માર્ગ છે.

પ્રાર્થના ગંભીરતાથી થવી જોઈએ એમાં ભાવનું મહત્ત્વ છે. કરવા ખાતર નહિ, ભાવપૂર્ણ પ્રાર્થના શકવર્તી બને છે. પરિણામગામી હોય છે. પ્રાર્થનામાં ભૌતિક પદાર્થો નહિ દિવ્યતા તરફ ગતિ માગવાની હોય ! રાજા પાસે ખીચડી કે હીરાના વેપારી પાસે રીંગણાં ના મંગાય. પ્રાર્થનાની ગરિમા સચવાય તે રીતે માગવું જોઈએ. તો આંતરઐશ્વર્યથી ભરાઈ જવાય.

પૂ.શ્રી મોટા કહે છે, 'જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો મોટો ભાગ ભજવે છે. બહિર્મુખતા ટાળવા, અહંકાર દૂર રાખવા, વિપરીત પરિસ્થિતિમાં ટકી

રહેવામાં, પળે પળની જાગૃતિ કેળવવામાં મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ જેવા આત્મવિકાસમાં જરૂરી એવા ગુણો કેળવવામાં પ્રાર્થના અનન્ય સહાય પૂરી પાડે છે.'

શ્રીરામકૃષ્ણે કહ્યું હતું; 'મન-મુખ એક કરીને કોઈ વસ્તુ માટે વ્યાકુળ થઈને પ્રાર્થના કરવામાં આવે તો તે સફળ થાય છે.' જ્યારે માણસ શ્રીભગવાનના ચરણકમળે પોતાની હારજીત મૂકી દે છે. પોતાનું બધું જ સોંપીને શરણાગત થઈ પ્રાર્થના કરતો રહે તો તે પ્રસન્નચિત્ત બને છે. સંસારની વસ્તુઓ માટે ન પ્રાર્થીએ પણ દેવર્ષિ નારદજીની જેમ પ્રાર્થીએ : 'હે રામ ! એ જ કરો કે જેથી તમારા ચરણકમળમાં શુદ્ધ ભક્તિ રહે.'

શ્રી શ્રી'મા' આનંદમયી કહે છે : 'પ્રાર્થના તમને પરમાત્મા જોડે જોડે છે. ભલે તમારા ધાર્યા કરતાં વિપરીત પરિણામ આવતું હોય છતાં પ્રાર્થના કલ્યાણકારી છે. કારણ કે તમારે શેની જરૂર છે તેની માત્ર ભગવાનને જ ખબર છે.'

પહેલાં માણસ ધન, આરોગ્ય, કુટુંબ વગેરે ભૌતિક વસ્તુઓ માટે પ્રાર્થના કરે છે. તેનું ઉદ્‌ગમસ્થાન અહંકાર છે. પછી બીજા પ્રકારની પ્રાર્થના અહમ્ ચકનાચૂર થઈ જતાં આવે છે. 'પ્રભુ માટે જ પ્રભુને પ્રાર્થના.'

સ્વામી વિવેકાનંદ કહે છે : 'ઊઠ હે દૈદીપ્યમાન આત્મા ! તું સદાયનો પવિત્ર છે. હે અજન્મા, હે અમર્ત્ય સર્વશક્તિમાન, ઊઠ, જાગ, તારી જાતને પ્રગટ કર.' અદ્વૈતની આ મોટામાં મોટી પ્રાર્થના છે. શ્રીઅરવિંદ કહે છે : 'શરૂઆતમાં પ્રાર્થના એ ઝંખેલી વસ્તુઓ 'અર્થ' અને 'સ્વાર્થ' વધારે ને વધારે ઊર્ધ્વ જાતના થતા જાય. અને છેવટે અન્ય કોઈપણ ઝંખના કે માગણી વિનાની શુદ્ધ, સરળ દિવ્યપ્રેમરૂપ સર્વોચ્ચ નિષ્કામ, નિઃસ્વાર્થ

ભક્તિ બની જાય છે.' દક્ષિણના મહાન સંત ભગવાન રમણમહર્ષિ કહે છે. 'True Surrender is love of God for the sake of love and for nothing else.'

તમે ઈશ્વરને તમારે આધીન થવાનું કહી શકો નહિ. તમારે માટે શું, ક્યારે ને કઈ રીતે યોગ્ય છે તેની તેને જાણ છે. બધું જ એના પર છોડી દો તમારો બધો બોજો એનો છે, તમારો નહિ. શરૂઆત આંશિક સમર્પણથી થાય છે અંતે તે પૂર્ણ સમર્પણમાં પરિણમે છે.

(યુરોપના મહાનતત્ત્વવેતા માઈસ્ટર એકહાર્ટે એક ભિખારીની પ્રસંગકથા આલેખી છે.

એક ખૂબ જ્ઞાની વર્ષોથી પ્રભુને પ્રાર્થના કરે : 'હે પ્રભુ સત્યના માર્ગે લઈ જાઓ.' ખૂબ આર્ત સ્વરે પ્રાર્થનાઓ કરતાં એક દિવસ અંતરમાંથી અવાજ આવ્યો. દેવળની આગળ જા ત્યાં તને એક મરમી મળશે એ તને શ્રેયનો માર્ગ દર્શાવશે. જ્ઞાની ત્યાં ગયો તેમણે 'એક ચીંથરેહાલ ભિખારીને જોયો.' એને પંડિતે કહ્યું : પ્રભુ તમને સારો દિવસ આપે.

ભિખારી : મને ખરાબ દિવસ જણાતો નથી.

પંડિત : પ્રભુ તમને સારું નસીબ બક્ષો.

ભિખારી : મેં ખરાબ જાણ્યું જ નથી.

પંડિત : પ્રભુ તમને આશીર્વાદ આપે

ભિખારી : હું હંમેશાં એ પામેલો જ છું

પંડિતે કહ્યું 'હું કંઈ સમજ્યો નહિ કૃપા કરી મને આ બધું સમજાવો. ભિખારીએ કહ્યું હવામાન ઠંડુ હોય, કરા પડતા હોય, વરસાદ હોય કે ખુશનુમા હોય. હું 'ભગવાનનો મહિમા' ગાઉં છું એટલે મારા બધા દિવસ સારા જ જાય છે.'

હું પ્રભુની સંનિધિમાં છું એટલે સુખદુઃખ નથી. મારી ઇચ્છાશક્તિ તેને ચરણે ધરી છે એ ઇચ્છે એમ કરે એટલે હું બડભાગી છું. હું રાજા છું. મારો આતમ મારું રાજ્ય. મારી પાંચે ઈન્દ્રિયોને શાંત કરીને પ્રભુ સાથે એક થયો છું. એમના વિના મને ક્યાંય ચેન નથી, શાંતિ નથી. તેઓ મારામાં મારી પાસે જ છે. તેથી શાશ્વત શાંતિ છે, અખંડ આનંદ છે. આમ પ્રાર્થના રૂપાંતર કરે છે. દૃષ્ટિ આપે છે.)

પ્રાર્થનાનો શુભારંભ ક્યારથી ને કોની દ્વારા થયો એના વિશે માહિતી મેળવવાનું કોઈ સુનિશ્ચિત સાધન આપણી પાસે નથી તો પણ અનુમાન અને શાસ્ત્રાધ્યયનના આધાર પર એટલું અવશ્ય તારવી શકાય કે પ્રાર્થનાનો શુભારંભ અથવા પ્રાદુર્ભાવ સમય પ્રાગૈતિહાસિક કાળ અથવા વેદકાળ જેટલો જૂનો છે. માનવ સુવિચારશીલ અને સુસંસ્કૃત થયો ત્યારથી પ્રાર્થનાના મહત્ત્વને સમજતો ને પ્રાર્થના કરતો થયો એવું કહી શકાય. પ્રાર્થના એના મનોભાવોની અને અંતરની ઊર્મિઓની અભિવ્યક્તિનું સહજ સાધન બની, જીવનના આધ્યાત્મિક અભ્યુત્થાનનું અંતરંગ અંગ બની, પરમાત્માના પ્રત્યક્ષ પરિચય અથવા અનુગ્રહના અલૌકિક અનુભવ માટે પ્રાર્થના પરમશ્રેયસ્કર સેતુ થઈ. એની મદદથી પ્રેરણા અને શાંતિ મળી. જીવનના આધ્યાત્મિક વિકાસનો માર્ગ મોકળો થયો.

પ્રાર્થનાનો પરિચય આપણને સૌથી પહેલાં વેદમાં થાય છે. વેદમાં અને ઉપનિષદમાં પ્રાર્થનાના જુદા જુદા મંત્રો મળે છે. વેદ વિશ્વસાહિત્યના પ્રાચીનમાં પ્રાચીન ગ્રંથો હોવાથી એમાં પ્રતિનિધિત્વ પામેલી પ્રાર્થનાઓને વિશ્વની પ્રાચીનમાં પ્રાચીન પ્રાર્થનાઓ કહી શકાય. તે પરમ પ્રાણવાન પણ છે. એવી એક

પ્રાણવાન છતાં ટૂંકામાં ટૂંકી પ્રાર્થના આ પ્રમાણે છે.

ૐ અસતો મા સદ્ગમય
તમસો મા જ્યોતિર્ગમય
મૃત્યોર્મામૃતં ગમય

હે પ્રભુ, મને અસત્યમાંથી સત્ય તરફ લઈ જાવ. હું પરમ સત્યનો સાક્ષાત્કાર કરી શકું એવી કૃપા કરો. મને અવિદ્યારૂપી અંધકારમાંથી પ્રજ્ઞાના પરમપાવન પ્રકાશમાં, પરમાત્માની પરમજ્યોતિ પ્રત્યે લઈ જાવ. મૃત્યુના વિષમ વિષચક્રમાંથી બહાર કાઢીને અવિનાશી અમૃતપદ પ્રતિ લઈ જાવ.

મહાકવિ ન્હાનાલાલે એનો સરસ ભાવાનુવાદ કરતાં લખ્યું છે :

અસત્યો માંહેથી પ્રભુ પરમસત્યે તું લઈજા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા;
મહામૃત્યુમાંથી અમૃત સમીપે નાથ લઈજા,
તું હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈજા.

ગાયત્રીમંત્ર દ્વારા પણ વેદના ઋષિઓએ પ્રાર્થનાને પ્રવાહિત કરી છે. એ મંત્રમાં કહેવામાં આવ્યું છે કે હે સર્વ શક્તિમાન સર્વજ્ઞ પરમાત્મા, અમે તમારા પરમ પાવન પ્રકાશનું ધ્યાન ધરીએ છીએ. તમે અમારી બુદ્ધિ, વૃત્તિ, તથા ચેતનાને પ્રેરિત કરો.

ઈશાવાસ્ય ઉપનિષદમાં જણાવ્યું છે :

'હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્
તત્ત્વં પૂષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે.'

(માયાના સુવર્ણસદૃશ આવરણથી પરમ સત્યનું સ્વરૂપ ઢંકાયેલું છે. એ આવરણને હે સર્વપોષક પરમાત્મા, તમે દૂર કરો

જેથી અમે તમારું દેવદુર્લભ દર્શન કરી શકીએ.)

વૈદિક સાહિત્યમાં બીજી પણ એક પ્રાણવાન પ્રેરક પ્રાર્થના છે.

ૐ વિશ્વાનિ દેવ સવિતુર દુરિતાનિ પરાસુવ.
યદ્ભદ્રં તન્ન ઙ આ સુવ...

(હે વિશ્વના અધીશ્વર પરમાત્મા, અમારાં દુષ્કર્મોને દૂર કરો. જે કાંઈ કલ્યાણકારક હોય એનું અમને દાન કરો.)

પ્રાર્થનાના એવાં એવાં અનેક ઉદાહરણો આપી શકાય, પરંતુ વિસ્તાર-ભયને લીધે વધુ આપવાની આવશ્યકતા નથી લાગતી.

રામાયણ, ભાગવત તથા ગીતા જેવા પ્રાચીન સદ્ગ્રંથોમાં પણ પ્રાર્થનાના પ્રતિધ્વનિ એક અથવા બીજી રીતે અવારનવાર સાંભળવા મળી શકે છે.

પરમાત્માની કૃપાને પામવા અને પરમાત્માની પાસે પહોંચીને પરમાત્માનો સાક્ષાત્કારલાભ કરવા માટે પ્રેમી ભક્તોએ પ્રાર્થનાના સુધા-સરોવરમાં સ્નાન કર્યું છે, અથવા પ્રાર્થનાનો આધાર લીધો છે, એની મદદથી એમણે એમના અંતરના ગૂઢ ભાવોની અભિવ્યક્તિ કરીને એમનું પરમાત્મા પ્રત્યે અભિસરણ કર્યું છે, ભક્તશિરોમણી સુરદાસે કહ્યું છે :

'અખિયાં હરિદરશનકી પ્યાસી,
દેખ્યો ચાહત કમલનૈનકો
નિશદિન રહત ઉદાસી
કાહુકે મનકી કોઈ ન જાનત, લોગનકે મન હાંસી.
સુરદાસ તુમરે દરશનબિન
લેહુ કરવત કાશી...'

બીજી પ્રાર્થનામાં ભક્તે ઈશ્વરનાં નામોનું શ્રદ્ધાભક્તિ સહિત સ્મરણ કરીને જ સંતોષ માન્યો છે.

'હે જગત્રાતા વિશ્વવિધાતા, હે સુખશાંતિનિકેતન હે !' ઉપરથી સીધીસાદી દેખાતી પ્રાર્થના ઘણીવાર અંતરના અસાધારણ ભાવોની અભિવ્યક્તિની અમોઘ સાધના થઈ રહે છે.

જેમકે :—'પ્રેમળ જ્યોતિ તારો દાખવી
મુજ જીવન પંથ ઉજાળ.' પ્રાર્થનાના આ સ્વરો કેટલા બધા પ્રાણવાન પ્રેરક અને સુંદર છે ! એવા અનેકવિધ સુસ્વરોનું સંકલન કરવા જઈએ તો પરિસમાપ્તિ ના થાય. એટલે અત્યારે એમના સ્વલ્પ સ્મરણથી સંતોષ માનવો રહે છે.

પ્રાર્થનાની એક અન્ય પદ્ધતિનો પરિચય પણ પામવા જેવો છે. એ પદ્ધતિ પોતાને બદલે બીજાને માટે પ્રાર્થનાના પવિત્ર પ્રેમપૂર્ણ ભાવોને પ્રવાહિત કરવાની પદ્ધતિ છે. વૈદિક ઋષિઓ કહે છે કે સમસ્ત માનવજાતિનું મંગલ થાવ; રાજાઓ મહીમંડળનું ન્યાય તથા નીતિપૂર્વક પાલન કરો. ગાયો અને બ્રાહ્મણોનું સદા શુભ થાવ; અને સમસ્ત સંસાર સુખી થાવ.

સ્વસ્તિ પ્રજાભ્યઃ પરિપાલયન્તાં
ન્યાયેન માર્ગેણ મહીં મહીશાઃ
ગો બ્રાહ્મણેભ્યઃ શુભમસ્તુ નિત્યમ્
લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવંતુ

આપણા એક કવિએ કહ્યું જ છે. 'સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ, નરનારી પશુપંખીની સાથે જીવજંતુનું તમામ. દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ.'

વેદના સુપ્રસિદ્ધ શાંતિપાઠની સંસ્મૃતિ આ સંબંધમાં ખાસ

કરવા જેવી છે. પ્રાતઃસ્મરણીય ઋષિશ્રેષ્ઠે ભાવનાની ઉદાત્તતાનું અભિસરણ કરતાં કહ્યું છે કે સ્વર્ગલોકને શાંતિ મળો, અંતરિક્ષમાં વસનારાં સૌને શાંતિ મળો, પૃથ્વીમાં સર્વત્ર શાંતિ ફરી વળો, પાણી, ઔષધિ, વનસ્પતિ શાંતિથી સંપન્ન બનો, વિશ્વની દૈવી શક્તિઓને અને સમગ્ર સૃષ્ટિને શાંતિ મળો, શાંતિ જ શાંતિ મળો, શાંતિ મને પણ મળો.

ૐ દ્યૌઃ શાંતિરન્તરિક્ષઁ શાન્તિઃ, પૃથિવી શાન્તિરાપઃ
શાન્તિ રોષધયઃ શાન્તિઃ । વનસ્પતયઃ શાન્તિઃ,
વિશ્વદેવાઃ શાન્તિર્બ્રહ્મ શાન્તિઃ સર્વં શાન્તિઃ,
શાન્તિરેવ શાન્તિઃ, સામા શાન્તિરેધિ ॥
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ॥

શ્રીમદ્ ભાગવતના ભક્તિરસભરપૂર વિપુલ સાહિત્ય ભંડારમાં પરાર્થે થતી પ્રાર્થના માટે ભક્તશિરોમણિ પ્રહ્લાદનું દૃષ્ટાંત ખાસ લક્ષમાં લેવા જેવું છે. પ્રહ્લાદના પિતા હિરણ્યકશિપુએ પ્રહ્લાદનો વિરોધ કર્યો. પ્રહ્લાદને જુદી જુદી જાતનાં કષ્ટો આપીને ભક્તિના મંગલ માર્ગથી ચલાયમાન કરવાનો પ્રખર પ્રયાસ કર્યો. તો પણ કશું વળ્યું નહિ અને હિરણ્યકશિપુનો પોતાનો નાશ થયો. ભગવાને પ્રહ્લાદને વરદાન માગવા કહ્યું તો એણે પ્રકૃતિના પરિવર્તનશીલ નશ્વર સુખોપભોગને કે યોગની સિદ્ધિઓને અથવા સ્વર્ગાદિ લોકોને માગવાને બદલે અહેતુકી અસાધારણ અનન્ય ભક્તિ જ માગી. 'તમારી અંદર મારી અવિચળ ભક્તિ રહો.' ભગવાને પ્રહ્લાદની પ્રાર્થનાને માન્ય રાખી. પ્રહ્લાદને સંતોષ થયો. પરંતુ એ સંતોષ ક્ષણજીવી નીવડ્યો. તેને પોતાના પિતાશ્રીનું સ્મરણ

થવાથી એમને માટે કાંઈક પ્રાર્થવાની ઇચ્છા થવાથી એણે પિતાશ્રીના અક્ષમ્ય લાગતા અપરાધને પણ ક્ષમા કરી એમને સદ્‌ગતિ આપવાની, અનુગ્રહ કરવાની પ્રાર્થના કરી.

પોતાનો વિરોધ કરનારાને પોતાને પીડનારા કે વિપત્તિમાં નાખનારા પુરુષને માટેની પરમ સદ્‌ભાવપૂર્વકની એવી પવિત્ર પ્રેમયુક્ત પ્રાર્થના પરમાત્માના સાચા ભક્ત વિના બીજું કોણ કરે ? અને પ્રાર્થનાનો મંગલ પ્રત્યુતર પણ મળ્યો. પ્રહ્‌લાદને શાંતિ થઈ.

બીજાની સુખાકારી, શાંતિ, સમુન્નતિ માટે પ્રાર્થનારા પુણ્યાત્માઓ ખરેખર વિરલ હોય છે. પોતાને માટે તો સૌ કોઈ પ્રાર્થે પરંતુ જે બીજાને માટે પ્રાર્થે છે તે ખરેખર વંદ્ય અને ધન્ય છે.

મહાભારતકારે પ્રજાપાલક પ્રજાના પરમ હિતકારી રાજા રતિદેવના મુખમાં સુંદર પ્રાર્થના મૂકી છે !

ન ત્વંહ કામયે રાજ્યં, ન સ્વર્ગં ના પુનર્ભવમ્
કામયે દુઃખતપ્તાનાં પ્રાણિનામાર્તિનાશનમ્

(હું કોઈ રાજ્યની કામના નથી કરતો, સ્વર્ગ અથવા મોક્ષની ઇચ્છા પણ નથી રાખતો. દુઃખથી તપેલા જીવોનાં જુદાં જુદાં દુઃખોનો સદાને માટે નાશ થાય એટલી જ ઇચ્છા રાખું છું.) આ પ્રાર્થના આદર્શ લોકસેવકના નિઃસ્વાર્થ કર્તવ્યભાવ પ્રત્યે અદ્‌ભુત અંગુલિનિર્દેશ કરે છે.

સમાજ કે રાષ્ટ્ર ઉપર કોઈ ભયંકર અસાધારણ આપત્તિ આવી પડે તો એનો અંત આણવાના અકસીર એકમાત્ર આત્યંતિક ઉપાય તરીકે કેટલીકવાર વ્યક્તિગત કે સામુહિક પ્રાર્થનાનો આધાર લેવામાં આવે છે. અને એનાથી મહત્ત્વની મોટી મદદ પણ મળે છે.

મહાત્મા ગાંધીજીનો પ્રાર્થનાનો અનુરાગ અસાધારણ હતો.

એ કહેતા કે, 'અનાજ વિના રહી શકું, પાણી વિના જીવી શકું, પરંતુ પ્રાર્થના વિના એક દિવસ પણ જીવી શકું નહિ. પ્રાર્થના તો મારું જીવન છે.' એ એવું પણ કહેતા કે મારા જીવનમાં પ્રકાશની અથવા પથપ્રદર્શનની આવશ્યકતા હોય છે ત્યારે હું પ્રાર્થનાનો આધાર લઉં છું અને મારે કદી પણ નિરાશ થવું પડતું નથી. મારી પ્રાર્થના નિષ્ફળ નથી જતી.

એમણે રોજ નિયમિત રીતે પ્રાર્થના કરવાનો જે નિયમ રાખેલો તેને એ છેવટ સુધી, જીવનના છેલ્લા શ્વાસ સુધી વળગી રહ્યા. ગમે તેવું મહત્ત્વનું કાર્ય હોય કે વાઈસરોય સાથે વાર્તાલાપ કરવાનો હોય તો પણ પ્રાર્થનાના સમયને સાચવી લેતા. પ્રાર્થનાનો પરિત્યાગ ના કરતા.

* પ્રાર્થના વ્યક્તિગત અથવા સમષ્ટિગત બંને પ્રકારની હોઈ શકે છે. બંને પ્રકારની પ્રાર્થના લાભકારક છે. બન્ને પ્રકારની પ્રાર્થનાના પરિણામે પવિત્ર પરમાણુઓ પેદા થાય છે, અને શાંતિ તથા પ્રેરણાની પ્રાપ્તિ સહજ બને છે. છતાં પણ વ્યક્તિગત કે સમષ્ટિગત પ્રાર્થનાની પરિપાટી યાંત્રિક, જડ કે રૂઢ બની ના જાય તેનું પણ ધ્યાન રાખવાનું છે. પ્રાર્થના સમજપૂર્વક ને બનતા રસપૂર્વક કરવામાં આવે એ આવશ્યક છે. તો જ તે વિકાસનું અસરકારક સાધન બની શકે.

સહજ પ્રશ્ન થાય કે પ્રાર્થનાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ ? બાળકને ભૂખ લાગે છે ત્યારે એ માતાની પાસે પહોંચીને પોતાની ઈચ્છાની અભિવ્યક્તિ શ્લોકોમાં, ગીતમાં કે કવિતામાં કરવાને બદલે સાનુકૂળ શબ્દપ્રયોગ દ્વારા સહજ રીતે જ ગદ્યમાં થતી હોય છે. એવી રીતે આદર્શ પ્રાર્થના હૃદયની સીધી ભાષામાં, સ્વાભાવિક ઉદ્ગારો દ્વારા કરાતી હોય છે. હૃદયના ભાવો

પરાકાષ્ઠા પર પહોંચતાં કેટલીક વાર શબ્દો શાંત થાય છે, ભાષા વિરમી જાય છે, વૈખરી વાણીનો અંત આવે છે. કોઈ વાર મૌન સ્વાભાવિક બને છે તો કોઈ વાર આંખમાંથી અશ્રુ સરે છે. અંતરનો એ મૂક સંદેશો સફળ ઠરે છે. પ્રાર્થનાના એ પ્રબળ પ્રેમપૂર્ણ પ્રવાહો પ્રતિઘોષ પેદા કરે છે.

પ્રાર્થનામાં સૌથી મહત્ત્વની મૂલ્યવાન નોંધપાત્ર વાત એની ભાષા, તાલબદ્ધતા, એના ગદ્ય-પદ્ય સ્વરૂપ કે સંગીત અથવા સંગીતરહિતતાની નથી પરંતુ ભાવમયતાની છે. એ યાદ રાખવું જોઈએ. એ કેવા ને કેટલા આરોહ-અવરોહ સાથે કરવામાં આવે છે, જોરથી બોલીને કરવામાં આવે છે કે ધીમેથી, સમૂહમાં કે એકાંતમાં ? એના કરતાં કેવા ભાવથી, કેવી સંવેદનશીલતાથી, લગનપૂર્વક, અનન્યભાવે, એક અનિવાર્ય આવશ્યકતા તરીકે કરવામાં આવે છે કે નહિ એનું જ મહત્ત્વ વિશેષ છે. ભગવાન ભાવને જુએ છે. એકલા ભાષાવૈભવને, સંગીતની સિદ્ધહસ્તતાને કે પાંડિત્યને નથી જોતાં માટે જ કહ્યું છે કે,

‘વહાલો પ્રેમને વશ થવા રાજી રે
એમાં શું કરે પંડિત ને કાજી.’

એટલે પ્રાર્થના કરનારે અંતરના સુષુપ્ત ભાવોને જાગ્રત કરવા પોષવા, પ્રબળ બનાવવા અને પ્રામાણિકપણે પ્રવાહિત કરવા તરફ વધારે ને વધારે ધ્યાન આપવું જોઈએ, પ્રાર્થનાપ્રવૃત્તિ નકામી તો નહિ જ જાય.

પ્રાર્થનાની સાધના ધર્મનિરપેક્ષ છે. માનવ/વ્યક્તિ ગમે તે ધર્મ, સંપ્રદાય, પંથ કે મતમતાંતરમાં રુચિ રાખતો અથવા શ્રદ્ધા ધરાવતો હોય, તો પણ પ્રાર્થનાનો લાભ લઈ શકે છે. પ્રાર્થના કોઈ એક જ ધર્મ, પંથ કે સંપ્રદાય કે મત પૂરતી મર્યાદિત નથી.

પ્રાર્થનાની સાધના અમુક વર્ણ, આશ્રમ, અધિકાર કે પદની અપેક્ષા પણ નથી રાખતી. એ સૌથી પર છે. એનો આધાર ગમે તે કાળે, ગમે તે સ્થળે, ગમે તેવી પરિસ્થિતિમાં ગમે તેવી લાયકાત/બિનલાયકાત સાથે લઈ શકાય છે. એ સર્વ પ્રકારે નિરપેક્ષ છે. એને માટે કોઈ વિશેષ ગુણની પણ આવશ્યકતા નથી પડતી. માત્ર પ્રાર્થનાના પ્રેમની જરૂર છે. પ્રાર્થના જાતિ તથા વય, દેશ, તથા કાળથી પણ નિરપેક્ષ હોવાથી સર્વકાળે, સર્વ સ્થળે થઈ શકે છે. એનો લાભ કોઈપણ લઈ શકે છે.

પ્રાર્થનાનાં આવશ્યક અંગો :–

(૧) ઈશ્વરમાં વિશ્વાસ

(૨) પ્રત્યુત્તરમાં વિશ્વાસ

(૩) ઉત્કટતા

(૪) ધીરજ

(૫) ઈશ્વરની સર્વશક્તિમાં શ્રદ્ધા

(૬) નિયમિતતા અને નિરંતરતા

(૭) પ્રેમ

પ્રાર્થના કરનાર પોતાની પ્રાર્થનાને સહાનુભૂતિસહિત સાંભળનારી પરમાત્માની પરમશક્તિ છે. એવું માનીને પ્રાર્થના કરે છે. અને અંતરના અવ્યક્ત, અજ્ઞાત ભાવોને કોઈપણ પ્રકારના સંકોચ સિવાય એની આગળ વહેતા કરે છે.

પ્રાર્થના દ્વારા પ્રકટ કરાતા મનોભાવોને-વિચારોને ઈશ્વર સાંભળે છે એટલું જ નહિ પરંતુ એમના સમ્યક્ પ્રત્યુત્તરો પણ પ્રદાન કરી શકે છે, ને કરે છે, એવા અખંડ વિશ્વાસની પણ પ્રાર્થનાની અંતરંગ સાધનામાં આવશ્યકતા હોય છે.

પ્રાર્થનાની ઉત્કટતા તથા પ્રામાણિકતા પર એની સફળતાનો આધાર હોય છે. દ્રૌપદીની પ્રાર્થના કેટલી બધી પ્રામાણિક પ્રેમપૂર્ણ તથા ઉત્કટ હતી તે મહાભારતના પ્રસંગ પરથી સમજી શકાય છે. કૌરવોની રાજ્યસભામાં એની સુરક્ષા ભયમાં મુકાઈ ત્યારે સુરક્ષા માટેના પોતાના પ્રયત્નોને અપૂરતા સમજીને એણે પરમકૃપાળુ પરમાત્માની પ્રાર્થનાનો આધાર લીધો. એને માટે પ્રાર્થના સિવાય બીજો કોઈ વિકલ્પ જ ના રહ્યો. અને એનું પરિણામ કેવું શકવર્તી આવ્યું એ આપણે સૌ જાણીએ છીએ. (શ્રીકૃષ્ણે ચીર પૂર્યા...) દ્રૌપદીની રક્ષા થઈ. પંચવિષયોથી અથવા પોતાની પાશવી પ્રકૃતિથી પીડાતો જીવ પણ પોતાના પરિત્રાણને માટે સર્વાન્તર્યામી સર્વેશ્વર પરમાત્માનું શરણ લે છે, સ્મરણ કરે છે, ને પ્રાર્થના દ્વારા એમની મદદ માગે છે ત્યારે એ નકામી જતી નથી. એને એમની અલૌકિક મદદ મળી રહે છે.

પ્રાર્થનાની સાધનામાં ધીરજની આવશ્યકતા હોય છે. આજે કરેલી પ્રાર્થના આજે ને આજે, કાલે અથવા બનતી વહેલી તકે ફળશે જ એવી આશા ના રાખી શકાય. જમીનમાં નાખેલું બીજ તરત ને તરત જ ઊગી નીકળે એવું કેવી રીતે માની શકાય ? બીજ જમીનની અંદર રહીને પોતાનું પ્રાકૃતિક કાર્ય કરતું જ હોય છે, તે કાર્યની અસર બહાર નથી દેખાતી એ અસરને અવલોકવા માટે ઓછીવતી ધીરજની આવશ્યકતા રહે છે. સૂર્યકિરણો દ્વારા શોષાતા સમુદ્રના પાણીની વરાળ બને છે, એનાં વાદળ બંધાય છે, અને વાદળમાંથી વરસાદ વરસે છે. આ બધી પ્રક્રિયા એકાદ પળમાં થાય ખરી ? કેટલો બધો સમય લાગે છે ? તો પણ એ પ્રક્રિયા મોટે ભાગે અદૃશ્ય છતાં ચોક્કસપણે થતી હોય છે. પૃથ્વી પર થનારા ધરતીકંપોનું પણ એવું જ છે. તે

એકાદ બે દિવસમાં નથી થતા. તે દૃષ્ટિગોચર બને છે તે પહેલાં ભૂગર્ભમાં રહેલી ક્રિયાઓ તેમજ પ્રતિક્રિયાઓ થયા કરે છે. આમ પ્રાપ્તિ અથવા અપ્રાપ્તિથી લેશ પણ વિચલિત થયા વિના પ્રાર્થનાક્રમના કર્તવ્યને વળગી રહેવું પડે !

પ્રાર્થના કરનારને ઈશ્વરની સર્વસમર્થતામાં સતત અને અખંડ વિશ્વાસ હોય છે. એ કર્તુમ અકર્તુમ અન્યથા કર્તુમ સમર્થ છે. ધીરો ભગત કહે છે તેમ 'તરણાનો તો મેરુ રે, મેરુનું તરણું કરી દાખવે.'

પ્રાર્થના કોઈપણ હેતુની સિદ્ધિ માટે, અમુક પ્રયોજનની પૂર્તિ માટે, અમુક સુનિશ્ચિત સમયે સુનિશ્ચિત સંજોગોને લક્ષમાં લઈને પણ થતી હોય છે. એવી પ્રાર્થના પ્રસંગોપાત થયા કરે છે. સતત અથવા સદાને માટે નથી થતી. પરંતુ સહજ પ્રાર્થના સતત રીતે સદાય થતી હોય છે. એવી પ્રાર્થના અધિક ઉપયોગી, ઉપકારક અથવા લાભકારક ઠરે છે. નિરંતર અથવા સતત પ્રાર્થનાને માટે નિયમિત પ્રાર્થના અનિવાર્ય, અતિશય આવશ્યક અને ઉપયોગી છે. પ્રાર્થનાના પ્રેમીએ નિયમિત પ્રાર્થના કરવાની ટેવ પાડવી જોઈએ.

પ્રેમ પ્રાર્થનાનું એક અન્ય અગત્યનું અંગ કહેવાય છે. પ્રેમ પ્રાર્થનાનો પ્રાણ છે. પ્રેમપૂર્વક કરાતી પ્રાર્થના જલદી ફળે છે, આનંદ આપે છે. શાંતિ બક્ષે છે.

આપણને પ્રશ્ન થાય કે પ્રાર્થનાની કોઈ વિધિ છે ખરી ? એના ઉત્તરમાં કહી શકાય કે પ્રાર્થનાની વિશિષ્ટતા જ એ છે કે એની કોઈ વિશેષ વિધિ નથી હોતી. એને માટે કોઈ બાહ્ય ઉપકરણોની કે વિધિવિધાનની આવશ્યકતા નથી હોતી. બહારની વસ્તુઓ કરતાં અંદરની યોગ્યતા કે ભૂમિકા સાથે જ એનો સંબંધ વધારે

હોય છે. એનો આશ્રય સર્વાવસ્થામાં લઈ શકાય છે.

ભગવદ્‌ગીતામાં ભક્તોને ચાર પ્રકારના કહ્યા છે : આર્ત ભક્ત, જિજ્ઞાસુ ભક્ત, અર્થાર્થી ભક્ત તથા જ્ઞાની ભક્ત. પ્રાર્થના કરનારા આત્માઓને અને એમની દ્વારા કરવામાં આવતી પ્રાર્થનાને પણ એવી રીતે ચાર વિભાગોમાં વહેંચી શકાય.

(૧) આર્ત પ્રાર્થના :—જે કોઈપણ પ્રકારના દુઃખથી પ્રેરાઈને, એ દુઃખના નિવારણની ઇચ્છા અથવા આકાંક્ષાથી કરવામાં આવે છે. (દા.ત. ગજેન્દ્રમોક્ષ) મગરના મુખમાંથી ભગવાન વિષ્ણુ ગજ (હાથી)ને ઉગારે છે તે પ્રસંગ.

(૨) જિજ્ઞાસુ સાધકની પ્રાર્થના :—કાંઈક જાણવા માટે કે કોઈક વ્યક્તિ અથવા વિષયની માહિતી મેળવવા માટે કરાતી હોય છે. દા.ત. રામકૃષ્ણ પરમહંસના જીવનમાં એક તબક્કો એવો પણ આવેલો જ્યારે તે જગદંબાને પ્રાર્થના કરતા કે 'મા', વેદોમાં, ઉપનિષદોમાં, દર્શનશાસ્ત્રોમાં અને પુરાણગ્રંથોમાં જે કાંઈ છે તે મને જણાવી દે ! મને કશું આવડતું નથી. તારી ઇચ્છા હોય તો શાસ્ત્રોના રહસ્યોને કૃપા કરીને મારી આગળ પ્રકટ કર. તારા વિના મારે બીજા કશાની જરૂર નથી છતાં પણ તને એવું લાગતું હોય કે મારા માટે શાસ્ત્રજ્ઞાનની આવશ્યકતા છે તો તે તું જ મને પૂરું પાડ. અને પરિણામ એ આવ્યું કે રામકૃષ્ણદેવ જ્ઞાનસ્વરૂપ બની ગયા. એમના શ્રીમુખમાંથી શાસ્ત્રોનાં રહસ્યો નીકળવા માંડ્યાં. ધર્મશાસ્ત્રોનો અર્ક નીકળવા લાગ્યો. મોટામોટા પંડિતો, વિદ્વાનો, સાક્ષરો પણ એમના જ્ઞાનામૃતનું પાન કરીને આશ્ચર્યચકિત અને મંત્રમુગ્ધ બની ગયા.

આલોકના કે પરલોકના નાના કે મોટા, સાધારણ કે

અસાધારણ, કોઈપણ વિષય કે પદાર્થની પ્રાપ્તિની કામનાથી પ્રેરાઈને જે પ્રાર્થના કરવામાં આવે છે તે પ્રાર્થનાને અર્થાર્થી પ્રાર્થનાનું નામ આપવામાં આવે છે. અર્થ એટલે પ્રયોજન પરમાત્માની પ્રાપ્તિ સિવાયનું કોઈ અન્ય પ્રયોજન.

અને છેલ્લે જ્ઞાની પુરુષની પ્રાર્થના અન્યના કલ્યાણને માટે તથા આત્મસાક્ષાત્કારની સિદ્ધિને માટે અને આત્મવિકાસ માટેની મદદ મેળવવા માટે હોય છે. ગીતામાં ભગવાને જ્ઞાનીને પોતાનો આત્મા કહ્યો છે.

પ્રાર્થના સકામ અને નિષ્કામ એમ બે પ્રકારોમાં જોઈએ તો નિષ્કામ પ્રાર્થના એટલે સર્વ હિતની અને પરમાત્માને માટેની અથવા આત્મશાંતિ માટેની અને સકામ પ્રાર્થના એટલે પરમાત્મા, પૂર્ણતા કે પરમશાંતિ સિવાયની અન્ય સાંસારિક વસ્તુઓ કે વિષયોને માટેની પ્રાર્થના. જોકે સકામ પ્રાર્થના છેવટે નિષ્કામ પ્રાર્થના તરફ લઈ જાય છે. બંને પ્રકારની પ્રાર્થનાઓ પોતપોતાના સ્થાનમાં વિશિષ્ટ છે.

એટલે પ્રાર્થના કરનારની જવાબદારી ઘણી વધારે છે. એ જે ભાવો, વિચારો કે સંકલ્પોને વહેતા કરે છે તેમાંથી વાતાવરણનું સ્વરૂપ ઘડાતું હોવાથી એણે ઉત્તમ પ્રકારના તંદુરસ્ત વિચારો, ભાવો કે સંકલ્પોને વહેતા કરવાનું ધ્યાન રાખવું જોઈએ.

પ્રાર્થનાનો તાત્કાલિક લાભ તો એ છે કે એનાથી માનવને અલ્પ અથવા અધિક પ્રમાણમાં માનસિક રાહત મળે છે.

પરમાત્મા સાથેના આત્મિક અનુસંધાનના પરિણામે મનની શાંતિ અને માનસિક પ્રસન્નતા મળે છે.

દુર્ગાસપ્તશતીમાં 'મા' જગદંબાના મહિમાનું જયગાન ગાતી અને જગદંબા પ્રત્યેના પ્રેમને પ્રવાહિત કરતી પ્રેમપૂર્ણ પ્રાર્થનાઓ

છે. શ્રીમદ્ભાગવતમાં જુદી જુદી ભાવભરપૂર પ્રાર્થનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. (ભગવાન રામની પ્રાર્થના અત્રિમુનિએ રામ એમના આશ્રમમાં પધાર્યાં ત્યારે કરેલી છે.)

ધ્યેયસિદ્ધિને માટે પ્રાર્થનાની સાથે સાથે કરાતા ઉપવાસની પાછળ પવિત્ર ને પ્રબળ પરમાત્માપ્રેમ હોય છે. સમજપૂર્વકનો ત્યાગ, સમર્પણભાવ અને મક્કમ મનોબળ હોય છે. પણ પ્રાર્થનાની સાધનામાં અનશન અનિવાર્ય જ છે એવું નથી.

આમ પ્રાર્થનાના અતિશય અગત્યના જીવનોપયોગી વિષયને આપણે વિવિધ રીતે વિચારી લીધો. પ્રાર્થના સાધના કેવી રીતે છે ? અને કેવી રીતે બની શકે તે પણ જોયું. એ બધી વિચારણા દ્વારા પ્રાર્થનાનું મહત્ત્વ સુચારુરૂપે સમજાયું હોય ને પ્રાર્થના પ્રત્યે પ્રીતિ અથવા અભિરુચિ પેદા થઈ હોય તો નિયમિત પ્રાર્થના કરવાનો આરંભ કરવો જોઈએ. ઔષધિ ગમે તેટલી અકસીર હોય તો પણ અવલોકન કરીને જ બેસી રહેવામાં આવે અને એનો જીવનોપયોગી આવશ્યક ઉપયોગ ના થાય તો દર્દ કેવી રીતે ટળે ? સરિતા સમીપમાં હોય પણ જ્યાં સુધી તેનો આસ્વાદ લેવામાં આવે નહિ તો ? પુષ્પોનું સુંદર ઉપવન હોય પણ તેમાં પ્રવેશ કરવામાં ના આવે તો ?

તો પ્રાર્થનાની અભિરુચિને કેળવીને એનો નિયમિત રીતે નિત્યનિરંતર લાભ લઈને જીવનપરિવર્તનની પ્રવૃત્તિ કરીએ તો જીવનનું સાફલ્ય કે સાર્થક્ય સાધી શકાય.

ૐ સર્વે ભવન્તુ સુખીનઃ સર્વેસન્તુ નિરામયા
સર્વે ભદ્રાણી પશ્યન્તુ મા કશ્ચિદ દુઃખ માપ્નુયાન્ ॥

**—સંપાદક : ડૉ. અરુણા ઠાકર**
**('પ્રાર્થના સાધના છે'—પુસ્તકના આધારે)**

## ॥ ઉગમણે પંથે ॥

ગુરુપૂર્ણિમાના ઉત્સવ વખતે જ્યારે અંબાજીમાં પૂ.'મા' સર્વેશ્વરીએ મને પૂર્વ ભારતની યાત્રા માટે આમંત્રણ આપ્યું ત્યારે મારી સ્થિતિ પ્રવાસ કરી શકાય તેવી નહોતી. જો કે અંતરના ઊંડાણમાં 'મા' સાથેની યાત્રાનો લહાવો જતો ન કરવાની ઈચ્છા પણ ખરી. શારીરિક રીતે તો મને કશો જ વાંધો હતો નહિ. ખેતીના વ્યવસાયને કારણે મુશ્કેલીઓ જણાતી હતી. વળી ખેતીલાયક વરસાદ ગુજરાતભરમાં હજી થયો ન હતો ને સ્થિતિ પણ અકળાવનારી તો હતી. પણ ખેતીનાં અગત્યનાં કામો જો સમયસર પૂર્ણ ન થાય તો સ્હેજે મોટી નુકશાની વેઠવી પડે. ખેતી કરનાર બીજું કોઈ હતું પણ નહિ. એટલે તેવા સંજોગોમાં મળેલું યાત્રાનું આમંત્રણ મારી કસોટી કરનારું હતું તેથી કામચલાઉ નિર્ણય આપતાં મેં 'મા'ને કહેલું કે મણિબહેન તો આવશે જ. તેમને લાભ બરાબર નથી મળતો એટલે અસંતોષ તો છે જ. તેમના વતી મારે ઘરે રહેવું પડશે તો રહીશ. 'મા'એ પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે એ વિચાર પણ ખોટો નથી. તો પછી મણિબહેનની સંગાથે શારદાબહેન પણ આવે તેવું કરી શકાય.

કપુરા આવી શારદાબહેનને પૂછ્યું તો તેમણે પોતાની અશક્તિ જાહેર કરી. મને થયું કે તો પછી હું શા માટે ન જાઉં ? માનસિક રીતે મારી તૈયારી ગુપ્ત રહી. તે અંગેનું જરૂરી આયોજન મેં કરવા માંડ્યું હતું. ખેતીનાં કામો ચાલુ રહે ને વરસાદ થાય તો શું કરવું તે અંગે પણ મેં જેને તેને જવાબદારી સોંપી દીધેલી. જો કે સાચો ખેડૂત આ રીતે કામ સોંપી ફરવાનું પસંદ કરે નહિ અને એ પણ હકીકત છે કે આધ્યાત્મિકતાની

ખેતી કરવાવાળો સાચો સાધક પૂ.'મા'ના સાંનિધ્યમાં યાત્રા કરવાની આવેલી સુવર્ણતક ચૂકે પણ નહિ.

તા.૧૦મી જુલાઈ ૧૯૮૫ને દિને અમદાવાદથી ઉપડતો હાવરા એકસપ્રેસ વ્યારા સ્ટેશને ઘણો મોડો આવ્યો હતો. અમને ફર્સ્ટ ક્લાસની ટિકિટ આપતી વખતે રિઝર્વેશન મળશે નહિ તેવું સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું. જે થવાનું હશે તે થશે પણ 'મા' સાથે જવાશે તો બસ એવું માનસિક સમાધાન હતું. ગાડી માત્ર બે જ મિનિટ ઊભી રહેલી એટલે ઉતાવળે પૂ.'મા'ના ડબ્બામાં અમે ચઢી ગયેલાં, પણ રિર્ઝવેશન ન હતું એટલે શું થશે તે જોવાનું બાકી હતું.

અંબાજીમાં મને કહેવામાં આવેલું તે પ્રમાણે મારી માન્યતા હતી કે બહુ બહુ તો પંદરેક જણા થઈશું, પરંતુ પંદરને બદલે ત્રીશ જણા ભેગા થયા એટલે મને ખૂબ આનંદ થયો હતો. પૂ.'મા'ની સાથે યાત્રા કરવાનું કોને ન ગમે ? બધાંને જ ગમે. પરંતુ ઘણાંને યાત્રામાં જોડાવાની અનુકૂળતા ન હોય તેવું બને છે. તેવા આશીર્વાદ પ્રાપ્ત કરી સંતોષ અનુભવે છે. પૂ.'મા'ની આશિષ તો મહામૂલી ગણાય છે. જેને તે પ્રાપ્ત થાય છે તેનો બેડો પાર થઈ જાય છે. ભક્તહૃદયની તેવી અપૂર્વ શ્રદ્ધા જગતમાં ચમત્કારિક પરિણામ સર્જે છે તે કોણ નથી જાણતું ? બાકી અશ્રદ્ધાળુ તો અળગાં જ પડી જાય છે તે કોણ નથી સમજતું ? અભક્ત હોય તે કદાચ હાડચામના શરીરને જ જોયા કરે. હાડચામના શરીરને વીંધીને જે ચૈતન્યસત્તા રગેરગમાં વ્યાપક બનીને તેને જીવંત બનાવે છે તેનાં દર્શન તેને થતાં નથી. જો દર્શન કરે તો તે સાચો ભક્ત થઈ શકે. તેવા સાચા ભક્તોની સાથે યાત્રા કરવાનો લહાવો મળ્યો તે મારું સદ્ભાગ્ય જ હતું.

ગુજરાતની સરહદ વટાવીએ તે પહેલાં પરમાત્માની અસીમ કૃપાથી 'રિઝર્વેશન' તો મળી ગયું, પણ મને મારા દુર્ભાગ્યની નિશાની દેખાવા લાગી હતી. એકાએક હૃદયપ્રદેશ પર સારા પ્રમાણમાં દુઃખાવો ચાલુ થઈ ગયો હતો. આવો મેં પ્રથમવાર જ અનુભવ્યો હતો છતાં સહનશીલ સ્વભાવને કારણે શાંતિથી બેસી રહેવા પ્રયત્ન કરતો હતો. કેટલીક ચેષ્ટાઓ પરથી મણિબહેનને મારી પ્રતિકૂળતાનો કાંઈક ખ્યાલ આવી ગયો એટલે તેમણે પૃચ્છા કરેલી. એકદમ શાંત સ્વરે દુઃખાવાની હકીકત મેં કહી સંભળાવી હતી. આરામ કરીશ એટલે ઠીક થઈ જશે તેવો સિધિયારો મેં આપ્યો હતો. લગભગ બે કલાક વીતી ગયા પછી 'મા'એ મારા પર જાણે કે કૃપા વરસાવી. ચિ. કલ્પુને પ્રસાદ લઈને મોકલી આપી હતી. તે પ્રસાદનું મેં શ્રદ્ધાપૂર્વક પાન કર્યું હતું. ખરેખર અર્ધા કલાક પછી તે દુઃખાવો હળવો બની ગયો હતો. કોઈપણ પ્રકારની ફરિયાદ કર્યા વિના પૂ.'મા'એ મને સહાય મોકલી આપી તે પણ શું પરમાત્માની અસીમ કૃપા ન કહેવાય !

સૂતાં પહેલાં બધાંએ પ્રાર્થના કરી લેવી જોઈએ તે હિસાબે 'મા'એ બધાં પર કહેણ મોકલી આપ્યું હતું. મેં માન્યું કે આટલા માટે જ 'મા'એ મને પ્રસાદ મોકલી આપ્યો હતો. દુઃખાવો હળવો ન થાત તો પ્રાર્થનામાં મારાથી પાધરું બેસી શકાત નહિ. હવે તો દુઃખાવો હળવો બની ગયેલો એટલે હું પણ બધાં સાથે જીતુભાઈના ડબ્બામાં પ્રાર્થના કરવા પહોંચી ગયો હતો. લગભગ બાર-તેર જણા જેમ તેમ કરીને ડબ્બામાં બેઠાં હતાં. પાછળથી બે અજાણ્યા ભાઈઓ પણ હાજર થયા હતા. તેઓ ગુજરાતી નહોતા. પાછળથી પૂછતાં જણાયેલું કે એક ભાઈ

બંગાળી હતો અને તેમને થોડું થોડું ગુજરાતી સમજાતું હતું.

પૂ.'મા'એ પ્રથમ દિવસે જ પ્રાર્થનામાં જાહેરાત કરી હતી કે આપણી સાથે શ્રી ઈશ્વરભાઈ યાત્રામાં જોડાયા છે તો હવેથી દરરોજ તેમની પાસે જ્ઞાનની વાતો સાંભળીશું અને સાથે સાથે શ્રી શાંતિભાઈ પાસેથી રામકૃષ્ણદેવના પ્રસંગો પણ સાંભળતાં જઈશું. આજથી જ શુભ સંકલ્પનો પ્રારંભ કરીએ એમ કહીને શ્રી શાંતિબાઈએ રામકૃષ્ણદેવનો એક પ્રસંગ યાદ કરીને કહ્યો હતો. મેં પણ થોડી જ્ઞાનની વાતો કરી હતી. ત્યાર પછી સમાપન કરતાં 'મા'એ આજ્ઞા કરેલી કે આ અજાણ્યા ભાઈઓને મહાત્માજીનો આંતરિક પરિચય થાય તેવો સત્સંગ શ્રીઈશ્વરભાઈ કરાવશે. 'મા' તો એટલું કહી પોતાના કમ્પાર્ટમેન્ટમાં ચાલ્યાં ગયાં હતાં. જેને રસ હતો તેટલા ભાઈઓ સત્સંગમાં બેસી રહ્યા હતા. અપરિચિતોને બરાબર પરિચય થાય તે રીતે મેં સત્સંગનો પ્રારંભ કર્યો હતો.

પૂજ્યશ્રી કોઈ સંપ્રદાયના સંત નહોતા. તેઓ ગાદીપતિ પણ નહોતા. છતાં તેઓ જગતના અધિપતિ જેવા જણાતા હતા. ઉપનિષદ્‌ના ઋષિઓની યાદ જગાડે તેવા તેઓ ઈશ્વરદર્શી સંત હતા. તેમની નજર સમક્ષ જગતના માનવસમુદાયનું જ હિત રહેલું હતું. તેમની વાણીમાં આર્દ્રતા હતી. આત્મબળનું ઓજસ હતું. 'પ્રકાશના પંથે'માંથી કેટલાંક પ્રસંગો સંભળાવી તેમની સમક્ષ પૂજ્યશ્રીનું સાચું ચિત્ર ખડું કર્યું હતું. મહાત્માજીની વિશેષ શક્તિનો પરિચય થાય તે હેતુથી મેં મારા અંગત અનુભવોની કેટલીક વાતો કરી હતી. મહાત્માજી સૂક્ષ્મ જગતમાં રહેતા કોઈ પણ જીવ સાથે સંપર્ક સાધી શકતા હતા એટલું જ નહિ પણ તેની સાથે વાતચીત પણ કરી શકતા હતા. આજે પૂજ્યશ્રી સ્થૂળ દેહે

હાજર નથી. છતાં તેઓ સૂક્ષ્મદેહે કામો કરી રહ્યા છે તે વાત મેં પૂ.'મા' સર્વેશ્વરીના સંદર્ભમાં સમજાવી હતી. સૂક્ષ્મ સ્વરૂપે રહેતા જગતના સિદ્ધ પુરુષો તેમની તહેનાતમાં રહેતા હતા. સૂરતના ડૉ. ભરૂચાના જીવનનો પ્રસંગ આ સંદર્ભમાં કહી સંભળાવ્યો હતો. આ રીતે પૂરા બે કલાક સુધી અમારો સત્સંગ ચાલ્યો હતો. લગભગ બાર વાગી ગયા હતા એટલે અમે પોતપોતાના 'કમ્પાર્ટમેન્ટમાં' ચાલ્યા ગયા હતા.

મારા 'કંપાર્ટમેન્ટમાં હું ગયો તો ખરો પણ મને ઉંઘ આવે તેમ જણાતું ન હતું. હૃદયપ્રદેશ પર થતો દુઃખાવો હજુ ચાલુ જ હતો. 'મા'ની કૃપાથી હળવો થયેલો એટલું જ. પેલી બે અજાણી વ્યક્તિને ધ્યાનમાં રાખી, બે કલાક સત્સંગ થઈ શકે તેવી શક્તિ જાણે કે મને પ્રાપ્ત થયેલી. 'કમ્પાર્ટમેન્ટ'માં બીજા બધાં ઉંઘતાં હતાં. નવરું મન દુઃખને યાદ કર્યા કરે તેથી મેં આંખ મીંચી મનને પૂજ્યશ્રી સાથેના પ્રસંગો યાદ કરી મધુર સંસ્મરણોમાં ડૂબાડી દેવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ ઉંઘ તો ન જ આવેલી. સવાર થઈ ગઈ એટલે બધાંએ પોતપોતાનાં સવારના કાર્યોમાંથી નિવૃત્તિ લઈ પૂ.'મા'નાં દર્શન કરવા માટે આટાફેરા કરવા માંડ્યા હતા. હું પણ શ્રી રમેશભાઈ પાસે પહોંચી ગયો હતો. શ્રીરમેશભાઈએ મને નાસ્તો કરાવી તેમની એક અંગત વાત કહી સંભળાવી હતી. પૂજ્ય'મા'ના હૃદયમાં કેટલી બધી કરુણા છે અને ભક્તોને માટે શું શું કરે છે તેનો ખ્યાલ મને આવ્યો હતો. શ્રીરમેશભાઈના જીવનની તમામ જવાબદારી જાણે કે 'મા'એ ઉપાડી લીધી હોય તેવી આ ઘટના છે !'

વાત કાંઈ આમ બની હતી. ગઈ કાલે રાતે રમેશભાઈને દવાની ટીકડીઓ ગળતા દીઠા હશે. 'મા'એ પૃચ્છા કરેલી કે એ

શેની ટીકડીઓ ? રમેશભાઈએ પોતાને આવતી કારમી ફીટની વાત કરી હતી. જીવલેણ ફીટ બે વાર તો આવી ગઈ હતી. હીંચકા પર બેઠા બેઠા આવી ગયેલી. કારમી ફીટની વાત કરતા તેમણે જણાવેલું કે હીંચકાના સળિયાઓ સાવ વાંકા વળી ગયા હતા. ફીટ દ્વારા ઘણી બધી શક્તિનો વ્યય થતો હતો. મુંબઈમાં સ્પેશ્યલ ડૉક્ટરને બતાવી તેમણે સારવાર કરાવેલી. ત્યારથી જે નિયમિત ગોળીઓ ગળવી પડે છે તે તેમણે ગળેલી ને જણાવેલું કે પૂરાં પાંચ વર્ષ સુધી એકધારી રીતે તે ગળવી પડશે. પૂ.'મા' સર્વેશ્વરીએ તરત જ રમેશભાઈને તે દવા પૂજ્યશ્રીના ફોટા આગળ મૂકી દેવા કહેલું ! શ્રીરમેશભાઈએ આજ્ઞા અનુસાર દવાની શીશી પૂજ્યશ્રીના ફોટા આગળ મૂકી દીધેલી. 'મા'એ કરુણા કરીને તે વખતે રમેશભાઈને પ્રસાદ આપેલો ને કહેલું કે જરૂર જણાય તો લેજો. પણ ફીટને ગાડીમાંથી બહાર ફેંકી દો. નિરાંતે પ્રભુનું નામ લો. મહાત્માજી કહે છે કે હવે દવાની કાંઈ જરૂર નથી. બસ. ત્યારથી શ્રી રમેશભાઈ ખૂબ શ્રદ્ધાથી પેલો પ્રસાદ આરોગે છે ને પ્રભુ-સ્મરણ કરતા રહે છે. અમે સત્તર દિવસ સાથે ફર્યા છતાં પેલી ફીટનાં દર્શન થયાં નથી. ગોળી ને ફીટ સાથે ગયાં એટલે રમેશભાઈ તો સાવ નિશ્ચિત બની ગયા છે. આથમણે ઘસડાયા કરતા જીવોને 'મા' કરુણાભરી દૃષ્ટિથી ઉગમણે પંથે વાળે છે તે કાંઈ નાની સૂની વાત કહેવાય ! હરિ એટલે શું ? દુઃખો હરે તે હરિ ! આ તત્ત્વ જ્યાં ક્રિયાશીલ છે ત્યાં હરિનાં દર્શન થાય છે. તે ઈશ્વરી તત્ત્વ જ છે. ભગવાનનું એક સ્વરૂપ જ છે !

**—શ્રીઈશ્વરભાઈ પરમાર્થી**

# ॥ 'મા'ના ઘરે ॥

'મા' તો ત્યાગી જીવન જીવે છે. તેમનું કોઈ ઘર નથી. જો કોઈ ઘર હોય તો તે આ વિશાળ પૃથ્વી છે. જેના પર આકાશનું અનંત સોહામણું છત્ર છે. પરમાત્માના અધ્યક્ષપણા હેઠળ તેઓ તેમાં નિવાસ કરે છે અને ગુરુચીંધ્યા માર્ગે આકરી તપશ્ચર્યા કરે છે. તેમણે જ્યારથી ત્યાગ કર્યો છે ત્યારથી તેમનું કોઈ કુટુંબ નહિ, તેમનું કોઈ સગું નહિ, તેમનું કોઈ ઘર નહિ ને તેમનું કોઈ ગામ પણ નહિ. તેમના કોઈ પિતા નહિ, માતા નહિ, ભાઈ નહિ, બહેન નહિ. પરમાત્માની પ્રેરણા પ્રમાણે તેઓ સર્વતંત્ર સ્વતંત્ર બનીને વિચરણ કરે છે. વિચરણ કરતી વખતે જગતના જીવોની કલ્યાણની જ ભાવના તેમનાં પગલે પગલે અનુવાદિત થતી રહે છે. એટલે તેઓ જ્યાં વાસ કરે ત્યાં તીર્થસ્થળ બને એવી અનન્ય શ્રદ્ધા લોકહૃદયમાં છે. તેથી જ લોકો તેમનાં શ્રદ્ધાભક્તિપૂર્વક દર્શન પણ કરે છે અને સદાયે આધ્યાત્મિક પ્રગતિ કરવા પ્રયત્નશીલ રહે છે.

આ પ્રકારની સમજ સર્વેની હોવા છતાં તા.૨૩ મી જુલાઈ, ૧૯૮૫ની સાંજે જ્યારે ગુજરાત તરફ આવવા હાવરા એક્સપ્રેસમાં બેઠાં ત્યારે સહુ કોઈના મુખેથી એક જ વાત નીકળતી હતી કે હવે આપણે પૂ.'મા' સર્વેશ્વરીના ઘરે જઈ રહ્યાં છીએ. આપણું એ છેલ્લું તીર્થધામ આપણી યાત્રાનો એ છેલ્લો દિવસ.

આ દૃષ્ટિએ 'મા'નું ઘર એટલે 'મા'ના પૂર્વાશ્રમનું જન્મસ્થળ કે જ્યાં તેઓ નાનેથી મોટાં થયાં, ભણ્યાં ને ગણ્યાં ! આપણી ભારતીય પ્રણાલિકા એવી છે કે સંતોના જન્મસ્થળને

ભક્તિભાવપૂર્વક નિહાળવામાં આવે છે. આધ્યાત્મિકતાના અંકુરો જ્યાં અંકુરિત થયા ને પોષણ પામી મજબૂત બન્યા ત્યાં શ્રદ્ધાળુ લોકો તીર્થધામનું નિર્માણ કરે છે. ઉપનિષદની ભાષામાં કહીએ તો જ્યાં આંતર અગ્નિહોત્રનો પ્રારંભ થયો હોય ત્યાં પ્રભુ પ્રગટ્યા કહેવાય. આંતર અગ્નિહોત્ર એટલે આંતરિક ઉપાસના અથવા તો આંતરિક વિકાસ. કૌષીતકી ઉપનિષદના આ વિચારો છે. તેમાં આંતરિક વિકાસ વાણી અને પ્રાણના સંયમથી થઈ શકે તેવું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. પૂ.'મા' પણ વાણી ને પ્રાણના સંયમને મહત્ત્વનું સ્થાન આપે છે. નિયમિત મૌન રાખી તેમણે વાણીનો સંયમ પણ પ્રસ્થાપિત કર્યો જ છે. એટલે ભક્તહૃદયમાં તેમનાં જન્મસ્થળનાં દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા હોય તે સ્વાભાવિક ગણાય.

અમારામાંથી કેટલાક તો 'મા'ના જન્મસ્થળનું પ્રથમ વાર જ દર્શન કરનાર હતા. તેમના હૃદયમાં તો ગોપીઓના હૃદયમાં ગોકુળ માટે જેવો ભાવ હતો તેવો જ ભાવ ડોકિયાં કરતો હતો. ઘણી અગવડ હોવા છતાં શ્રી શાંતિભાઈ કનેરિયા તો આખા કુટુંબ સાથે કપુરા આવવા પ્રોત્સાહિત થયા હતા. તા.૨૫મીની સવારે દસ વાગે ગાડી વ્યારા સ્ટેશને ઊભી રહી ત્યારે "મા સર્વેશ્વરીની જય"નો બુલંદ ધ્વનિ ગાજી ઉઠ્યો હતો. શ્રી મોહનલાલ, શ્રીરમેશચંદ્ર, શ્રીસીતારામભાઈ, શ્રીબચુભાઈ વગેરે કપુરાના ભક્તજનોએ ખૂબ જ પ્રેમભાવથી યાત્રાળુઓનું સ્વાગત કર્યું હતું, એટલું જ નહિ પણ તે સહુને સાધનોની સગવડ પણ પૂરી પાડી હતી.

કપુરાના ભક્તજનોને પૂ.'મા' સર્વેશ્વરીનો આંતરિક પરિચય તો મહાત્માજી કપુરા ઈ.સ.૧૯૭૮માં પધાર્યા હતા ત્યારે જ થયો

હતો. તે પહેલાં તો ગામની એક સારી વ્યક્તિ તરીકેની જ ઓળખાણ હતી. મહાત્માજી માટે તેમની અપાર શ્રદ્ધાનાં દર્શન એક વિશેષ પ્રસંગથી થવા પામ્યાં હતાં. મહાત્માજી પ્રથમવાર કપુરા આવીને ગયા પછી એકવાર પૂ.'મા' એક શનિવારે કપુરા આવ્યાં હતાં. ત્યારે તેઓ સુરતમાં આચાર્યા તરીકે નોકરી કરતાં હતાં. શનિવારે મોડી રાતે પોતાનો નિત્ય કાર્યક્રમ પતાવી સૂતેલાં ત્યારે મળસ્કે એક સ્વપ્ન આવે છે. સુરતના પોતાના નિવાસે તાળું તોડી ચોર લોકો ઘરમાં ઘુસી ગયા છે; કબાટની ચાવી પૂજાસ્થાને કે જ્યાં પૂજ્યશ્રીનો ફોટો રાખવામાં આવ્યો હતો ત્યાં મૂકેલી હતી; ચોર લોકો તેને સ્પર્શ કરતા નથી; બીજી વસ્તુઓ તેઓ લઈ જાય છે; તેથી જેમ બને તેમ જલ્દી ઘેર પહોંચવા તેમને સૂચન પણ થાય છે. સવારે ઉઠીને તેમણે આ હકીકત કહી સંભળાવી હતી ને તેઓ સુરત પહેલી જ બસમાં પહોંચી ગયાં હતાં. તો ખરેખર તેવી જ રીતે સમગ્ર ઘટના બની હતી. ચાવી જ્યાં હતી ત્યાં જ રહી હતી. કબાટમાં જે સિલક હતી તે બરાબર જ હતી. આ વાતની વિગત સહુને ખબર થયા પછી લોકહૃદયમાં તેમને માટે માન પેદા થયું હતું. તેમનો જ આંતરિક વિકાસ થયો હતો તેની ઝાંખી લોકોને થઈ હતી. વળી આ પ્રસંગથી પૂજ્યશ્રી માટેની તેમની અનન્ય ભક્તિ અને તે કારણે ગુરુની શક્તિ તેમનું નાની મોટી બાબતોમાં કેવું રક્ષણ કરે છે તે સત્ય સર્વના હૃદયમાં કોતરાઈ ગયું હતું. તેથી આજે જ્યારે 'મા' યાત્રાળુઓના સંઘ સાથે ગામમાં પધાર્યા ત્યારે ઘણી મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી અને તેમનાં દર્શન કરી તૃપ્તિ અનુભવી હતી.

વિશેષ કરીને આજે તો લોકમાનસ પર તેમના ઉપવાસોની

અસર વર્તાતી હતી. ૪૮૫ દિવસ થયા છતાં તેમણે અણિશુદ્ધ રીતે ઉપવાસી બનીને અન્નનો સર્વાંશે ત્યાગ કર્યો હતો. ન તો કોઈ નિયમિત ફળનો ઉપયોગ કર્યો છે કે ન તો કાંઈ નિયમિત દૂધને ગ્રહણ કર્યું છે. છતાં શરીરમાં અજબની તાજગી ને ગજબની શક્તિ છે. યાત્રામાં અમારી સાથે તેઓ ચૌદ કિલોમીટર તો ચાલ્યાં હતાં. તેમના શરીરે થાકનો અનુભવ કર્યો જ નહોતો. અવાજમાં આત્મબળનું ઓજસ હતું. તેવી દશામાં તેમનાં દર્શન કરી ભક્તજનોએ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

અડતાલીસ કલાકની ગાડીની સતત મુસાફરી છતાં તેમણે સર્વે ભક્તજનોને પ્રેમપૂર્વક પીરસીને જમાડ્યા હતા તે કેમ વીસરી શકાય ! યાત્રા દરમ્યાન ‘મા’ સહુ કોઈની સંભાળ નિત્ય રાખતાં હતાં. તે તેમનો સ્વભાવ હતો. કોણ કેટલું જમે છે ને કોણ કેટલું ઊંઘે છે તેની જાણ ‘મા’ને પૂરેપૂરી હતી.

જમીને આરામ કરી સાંજે બધાં જ ભાઈબહેનો ખુલ્લી હવામાં ફરવા નીકળ્યાં હતાં. મહાત્માજી કપુરા આવતા ત્યારે તેમના પાવન પગલાં જ્યાં જ્યાં ઘુમી વળેલાં ત્યાં ત્યાં જવું એવો સહુ કોઈનો નિર્ણય હતો. આંબાવાડી તરફ ખાસ કરીને મહાત્માજી જતા એટલે અમે પણ ત્યાં ગયેલાં. વિશાળ આંબાવાડીમાં એક નાનકડું ઘર પણ છે. ત્યાં સહુ રોકાયાં ને ‘યોગેશ્વર બાવની’ ગરબાના ઢાળમાં ગરબાના સ્વરૂપમાં ફરતા ફરતા ગાવા લાગ્યાં હતાં. આ રીતે કુદરતના ખોળે અનેરો આનંદ અનુભવી અંધારું થાય તે પહેલાં મુકામ પર સહુ કોઈ આવી ગયાં હતાં.

રાત્રે ૭-૩૦ વાગે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુવાર હતો એટલે કપુરામાં તે સમય ધ્યાનકેન્દ્રનો પણ ગણાય

છે. એટલે તે દિવસે ધ્યાનકેન્દ્રના ભાઈબહેનો પણ સત્સંગ સભામાં લાભ લેવા વિશાળ સંખ્યામાં પધાર્યા હતાં. આખું ઘર ચિકાર ભર્યું હતું. સહુ કોઈ શાંતિથી 'મા'ની મધુર વાણી સાંભળી રહ્યાં હતાં. પૂ.'મા'એ યાત્રાની પૂર્ણાહુતિ કરતાં પરમાત્માની અનન્ય કૃપાનાં ગુણગાન ગાયાં અને પછી યાત્રાળુઓને બોલતા કરવા માટે યાત્રાના વિવિધ અનુભવો યાત્રાળુઓના મુખેથી હાજર રહેલા ગ્રામજનો સાંભળી શકે તેવા હેતુથી યુક્તિપૂર્વક જાહેરાત કરી હતી. શ્રીગોરધનભાઈ કલોલા શ્રીવિનોદભાઈ પટેલ, શ્રીહરીશભાઈ કોન્ટ્રાક્ટર, કુ. પૂર્ણિમા વગેરેના મોઢેથી યાત્રાના વિશેષ અનુભવો સાંભળી ગ્રામજનો મંત્રમુગ્ધ બની ગયાં હતાં. પૂ.'મા'એ મને પણ બોલવા માટે આજ્ઞા કરી હતી. અને મેં પણ જગન્નાથપુરીના સમુદ્રકિનારે વિષ્ણુસહસ્રનામના પાઠ વખતે જે ઘટના બની હતી તે વિસ્તારથી કહી હતી. કુદરતનાં તત્ત્વો પણ સંતોને કેવી રીતે માન આપે છે તે હકીકત સાંભળવાની લોકોને મજા પડી હતી. 'મા'ના સંકલ્પસિદ્ધિના અનેક પ્રસંગો અને 'મા'ના કરુણામય સ્વભાવની કેટલીક વાતો સાંભળી કપુરાના ભક્તજનોને ખૂબ ખૂબ આનંદ થયો હતો. રાત્રે અગિયાર વાગી ગયા તો પણ કોઈ ઊઠ્યું ન હતું તે તેની પ્રતીતિ હતી.

સત્સંગસભાની પૂર્ણાહુતિમાં પૂ.'મા'એ એક સરસ મજાની વાત કરી હતી. કુ.પૂર્ણિમાના જીવનની એ વાત ખરેખર સાંભળવા જેવી હતી. યાત્રામાં જોડાવાની ઇચ્છા તો પૂર્ણિમાની હતી જ. પરંતુ તેની તબિયત દરરોજ બગડતી. શાળામાં તે શિક્ષિકાની નોકરી કરીને ઘેર આવે ત્યારે ધાબળો ઓઢીને તે સૂઈ જ ગયેલી હોય. એટલે તેની ઇચ્છા હોવા છતાં તેનાં માતુશ્રી તેને

રજા આપતાં નહોતાં. પરંતુ જ્યારે પૂ.'મા' એ વાત સૂક્ષ્મ રીતે જાણી ત્યારે 'મા'નો કરુણામય સ્વભાવ પ્રગટ થયો. કુ. પૂર્ણિમાના માતુશ્રીને પૂ.'મા'એ ખાત્રી આપી કે જો કુ. પૂર્ણિમા યાત્રામાં આવે તો તેને કશું જ ન થાય, તેની તબિયત કદી બગડે જ નહિ, તે કુશળતાપૂર્વક તમને પાછી મળશે. પૂ.'મા'ના શબ્દોમાં વૃદ્ધ માતાએ વિશ્વાસ મૂક્યો હતો તેના સાક્ષી વડોદરાના ઘણા બધાં હતાં. અને હકીકતે કુ. પૂર્ણિમા અમારી સાથે છેલ્લા સત્તર દિવસથી ફરતી હતી. કોઈ દિવસ તેને શરદી થઈ ન હતી, માથું પણ દુખ્યું ન હતું અને તાવ પણ નહોતો આવ્યો તેના અમે પણ સહુ સાક્ષી હતા. બલકે કુ. પૂર્ણિમાની તંદુરસ્તી સુધરી હતી તેમ કહીએ તો ચાલે. તેના શરીરમાં અનેરો ઉત્સાહ પ્રગટ થતો હતો. સંકીર્તનમાં કુ. પૂર્ણિમાએ સારો એવો ભાગ ભજવ્યો હતો તે કેમ ભૂલી શકાય ? 'મા' એ કહ્યું કે હવે મારે આવતી કાલે વડોદરા જઈ કુ. પૂર્ણિમાની માતાને તેનું સંપેતરું સાજુસમું સોંપી દેવું પડશે. આ આખીયે ઘટનાનો વિચાર કરવામાં આવે તો 'મા' જે વિચારે છે, બોલે છે, ને તે તરત જ ફળે છે તે હકીકત ધ્યાનમાં આવશે. તેમની સાથે યાત્રા કરનારને કેવા કેવા લાભો થયા હશે તેનો પણ ખ્યાલ આવશે. 'મા'ના સંગમાં શ્રદ્ધાળુને શું ન મળે ? જે સર્વના હૃદયરૂપી ઘરમાં કાયમનું સ્થાન પ્રાપ્ત કરે છે તેના સંગમાં યાત્રા કરવાની તક મળે તે શું મોટામાં મોટો લાભ ન ગણાય ? તેવી પવિત્ર વ્યક્તિના હૃદયરૂપી ઘરમાં પ્રવેશ કરવાની તક યાત્રામાં પ્રાપ્ત થાય તો ભાગ્ય ઉઘડ્યું કહેવાય કે નહિ ?

**—શ્રીઈશ્વરભાઈ પરમાર્થી**

## ॥ શ્રીરામકૃષ્ણદેવ સાથે નરેન્દ્રનાથની પહેલી મુલાકાત ॥

શ્રીરામકૃષ્ણદેવ સાથેની એ મુલાકાત અદ્‌ભુત હતી. તેમના કહેવાથી નરેન્દ્રે થોડાંક બંગાળી ભજન ગાયાં. એ ભજનોમાં પ્રભુ સાથે એકતા અનુભવવા માટે મથી રહેલા ભક્તહૃદયની તાલાવેલીભરી ઊર્મિઓ વ્યક્ત થઈ હતી. એ સાંભળીને શ્રીરામકૃષ્ણને ભાવાવેશ થઈ આવ્યો. પછી શું બન્યું એનું વર્ણન આપણે નરેન્દ્રને જ કરવા દઈએ.

મેં ભજન તો ગાયું, પણ પછી તરત જ તેઓ એકદમ ઊઠ્યા અને મારો હાથ પકડીને મને ઉત્તરની ઓસરીમાં લઈ ગયા. અમે બંને એકલા હતા. મેં ધાર્યું કે તેઓ મને કંઈક ખાનગી ઉપદેશ આપશે; પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે મારો હાથ ઝાલીને તેઓ તો પુષ્કળ હર્ષાશ્રુ વહાવા લાગ્યા. પછી કેમ જાણે કે કેટલાયે સમયથી તેમનો પરિચિત હોઉં એ રીતે પ્રેમપૂર્વક એ બોલવા લાગ્યા : 'અરે, આટલું બધું મોડું અવાય કે ? સંસારી લોકોની વાતો સાંભળી સાંભળીને મારા કાન સળગી ગયા છે. અરે, મારી અનુભૂતિઓ ઝીલી શકે એવી કોઈ વ્યક્તિ આગળ મારા મનનો ભાર હળવો કરવા હું કેવો ઝંખી રહ્યો છું !' ડૂસકાં ખાતાં ખાતાં એમણે આમ બોલ્યે જ રાખ્યું. બીજી જ પળે હાથ જોડીને તેઓ મારી સમક્ષ ઊભા રહ્યા અને કહેવા લાગ્યા : 'પ્રભો ! હું જાણું છું કે તમે તે પ્રાચીન નરઋષિ છો અને માનવજાતિનાં દુઃખો દૂર કરવા માટે ધરતી ઉપર અવતર્યા છો.' અને એ રીતે તેઓ બોલતા જ રહ્યા !

'તેમના આવા વર્તનથી હું તો ચકિત જ થઈ ગયો. મને વિચાર આવ્યો : આ તે કેવા માણસને હું મળવા આવ્યો છું ! એ તદ્દન પાગલ હોવા જોઈએ ! હું તો વિશ્વનાથ દત્તનો પુત્ર, મને આ રીતે શા માટે સંબોધતા હશે ?' પરંતુ શાંત રહીને મેં એમને બોલવા દીધા. પછી તેઓ તરત જ પોતાના ઓરડામાં પાછા ગયા અને થોડી મીઠાઈ, સાકર અને માખણ લાવીને પોતાના હાથ વડે જ

મને ખવડાવવા લાગ્યા. મેં વારંવાર કહ્યું કે 'કૃપા કરીને મીઠાઈ મારા હાથમાં આપો. મારા મિત્રો સાથે મળીને હું ખાઈશ.' પણ એ બધું વ્યર્થ ! એમણે ઉત્તર આપ્યો : 'એ લોકોને પણ પછી મળવાનું છે.' હું બધું જ ખાઈ ગયો ત્યારે જ એ અટક્યા. પછી મારો હાથ પકડીને તેઓ બોલ્યા : 'મને વચન આપ કે પાછો જલદીથી મને મળવા તું એકલો આવીશ.' એમના આવા આગ્રહથી મારે હા કહેવી પડી. પછી એમની સાથે ઓરડામાં આવીને હું મિત્રોની સાથે બેઠો.

ઓરડામાં બેઠાં બેઠાં નરેન્દ્રના મનમાં પરસ્પરવિરોધી એવા અનેક વિચારો ઊભરાઈ રહ્યા. એને લાગ્યું કે આ પુરુષની વર્તણૂકમાં કશુંય 'અજુગતું' નથી, એટલું જ નહિ પણ એમની આધ્યાત્મિક આવેગથી ભરપૂર વાતો અને એમનો ભાવોદ્રેક એમના સાચા ઈશ્વરપ્રેમની સાક્ષી પૂરે છે. નરેન્દ્રે એમનામાં આચારવિચારની એકતા પણ નિહાળી. શ્રીરામકૃષ્ણ કહેવા લાગ્યા : "ઈશ્વરનાં દર્શન થઈ શકે છે. જેમ હું તમને જોઈ શકું છું, તમારી સાથે વાતચીત કરી શકું છું, તેમ દરેક જણ એને જોઈ શકે અને તેની સાથે વાતચીત કરી શકે. પરંતુ એવું કરવાની તાલાવેલી કોને છે ? માણસો પોતાનાં બૈરીછોકરાં માટે કે પૈસાટકા માટે આંસુઓના ધોધ વહાવે છે, પરંતુ ઈશ્વરનાં દર્શન માટે એવું કોણ કરે છે ? જો મનુષ્ય ખરેખર ઈશ્વર માટે આંસુ સારે તો એને ઈશ્વર દર્શન આપ્યા વિના રહે જ નહિ." નરેન્દ્રને લાગ્યું કે આ કેવળ પુસ્તકિયા શબ્દો નથી; તેની પાછળ તેમની અનુભૂતિનો રણકાર રહેલો છે. પરંતુ તેમ છતાં શ્રીરામકૃષ્ણ પોતાની સાથે જે વિચિત્ર રીતે વર્ત્યા હતા તેનો મેળ આની સાથે બેઠો નહિ. વળી એને વિચાર આવ્યો : "કદાચ એ પાગલ હોય. પરંતુ આવો ત્યાગ તો બહુ ઓછા, વિરલ પુરુષોમાં જ હોય છે. તે પાગલ હોય તોપણ એ એક પવિત્ર પુરુષ છે, એક સાચા સંત છે, અને કેવળ એટલું હોવા માટે પણ એ મનુષ્યજાતિની માનભરી વંદનાના અધિકારી છે."

**—સંકલન**

# ॥ શ્રીરામકૃષ્ણનો નરેન્દ્રનાથ માટેનો ઉપેક્ષાભાવ ॥

શ્રીરામકૃષ્ણ પોતાના શિષ્યોની બરાબર પરીક્ષા કર્યા પછી જ એમનો સ્વીકાર કરતા; નરેન્દ્રનાથ પણ એમાં અપવાદ ન હતો. જેના દર્શનમાત્રથી ગુરુદેવને ભાવાવેશ થઈ આવતો એવા નરેન્દ્રનાથની પણ અમુક સમયે એમણે આકરી કસોટી કરી હતી. એક દિવસ નરેન્દ્રનાથ આવ્યો ત્યારે એમણે તેના તરફ ઉપેક્ષાનો ભાવ બતાવ્યો. પ્રણામ કરીને એ થોડી વાર બેસી રહ્યો, પરંતુ શ્રીરામકૃષ્ણ કશું જ બોલ્યા નહિ ! નરેન્દ્રનાથે ધાર્યું કે ઠાકુર ધ્યાનમાં મગ્ન છે એટલે એ બહાર જઈને હાજરા સાથે વાતો કરવા લાગ્યો. પછી શ્રીરામકૃષ્ણને બીજા લોકો સાથે વાતો કરતા સાંભળીને એ પાછો ઓરડામાં ગયો પરંતુ એમણે તો એને બોલાવ્યો પણ નહિ, અને એની તરફથી મોં પણ ફેરવી લીધું ! તે દિવસે નરેન્દ્રનાથ કલકત્તા પાછો જવા ઊભો થયો ત્યાં સુધીમાં ગુરુદેવના વલણમાં કશો ફેરફાર ન થયો. આવું બે ત્રણ વખત બન્યું, પરંતુ નરેન્દ્રનાથે તો દક્ષિણેશ્વર આવવાનું ચાલુ જ રાખ્યું. આ બધા સમય દરમિયાન શ્રીરામકૃષ્ણ પાછળથી નરેન્દ્રનાથની તબિયત વિશે પૂછપરછ કરાવતા, પરંતુ એની હાજરીમાં તો એમની વર્તણૂક પ્રથમના જેવી જ રહેતી. આખરે એકાદ માસ એ રીતે વર્તવા છતાં જ્યારે નરેન્દ્રનાથ ઉપર એમની ઉપેક્ષાવૃત્તિનો કશો આઘાત ન પડ્યો, ત્યારે શ્રીરામકૃષ્ણે એને કહ્યું : ‘‘હું તો તારી સાથે બિલકુલ બોલતો નથી, છતાં તું આવવાનું ચાલુ રાખે છે ! આનું કારણ શું છે ?’’ નરેન્દ્રનાથે ઉત્તર આપ્યો : ‘‘શું આપ એમ ધારો છો કે હું આપની વાતો સાંભળવા માટે અહીં આવું છું ? મને આપના પ્રત્યે ભાવ છે અને આપનાં દર્શન કરવાનું મને ગમે છે એટલે અહીં આવું છું.’’ આવા ઉત્તરથી શ્રીરામકૃષ્ણ અત્યંત પ્રસન્ન થયા અને બોલ્યા : ‘હું તો તારી કસોટી કરીને જોવા માગતો હતો કે તારા પ્રતિ પ્રેમ કે પરવા હું ન દેખાડું તો તું અહીં આવતો અટકી જાય છે કે નહિ. આટલી ઉપેક્ષા તો માત્ર તારા જેવો જ સાંખી શકે. આ જગ્યાએ બીજો કોઈ માણસ હોત તો ક્યારનોય એ મને છોડી ગયો હોત અને ફરી વાર મોઢું પણ દેખાડ્યું ન હોત.’

—સંકલન

## ॥ નરેન્દ્રનાથે કરેલો સિદ્ધિઓનો અસ્વીકાર ॥

બીજા એક પ્રસંગે શ્રીરામકૃષ્ણે નરેન્દ્રનાથને પંચવટીમાં બોલાવ્યો અને કહ્યું : "કઠોર તપશ્ચર્યા કરીને મેં દૈવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, પરંતુ મારે તેમનો શો ઉપયોગ ? હું તો મારું શરીર પણ પૂરું સંભાળી શકતો નથી. એટલે 'મા'ને પૂછીને મેં એ સિદ્ધિઓ તને આપી દેવાનો વિચાર કર્યો છે. 'મા'એ મને કહ્યું છે કે નરેન્દ્રને મારાં ઘણાં ઘણાં કાર્યો કરવાં પડશે. જો હું આ સિદ્ધિઓ તને આપી દઉં તો જરૂર પડતાં એમનો તું ઉપયોગ કરી શકે. બોલ, આ બાબતમાં તારું શું કહેવું છે ?" નરેન્દ્રનાથને ખબર હતી કે શ્રીરામકૃષ્ણને સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે. પળ વાર વિચાર કરીને એણે પ્રશ્ન કર્યો : "એ સિદ્ધિઓ શું ઈશ્વરનો સાક્ષાત્કાર કરવામાં મને કામ આવશે ?" શ્રીરામકૃષ્ણે જવાબ આપ્યો : "ના, ભલે એ સિદ્ધિઓ તને એમાં કામ ન આવે, પરંતુ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા પછી જ્યારે તું એનું કાર્ય કરીશ, ત્યારે એ બધી તને ઉપયોગી થઈ પડશે !" નરેન્દ્રનાથ બોલ્યો : "તો મારે એ સિદ્ધિઓ ન જોઈએ; પહેલા મને ઈશ્વરનાં દર્શન થવા દો. ત્યારપછી મને ખબર પડશે કે મારે એમની જરૂર છે કે નહિ. જો હમણાં જ એ સિદ્ધિઓ હું સ્વીકારું તો કદાચ હું મારું ધ્યેય ચૂકી જાઉં અને કોઈ સ્વાર્થી હેતુ માટે એમનો ઉપયોગ કરીને દુઃખી થઈ જાઉં."

શ્રીરામકૃષ્ણ ખરેખર આ સિદ્ધિઓ નરેન્દ્રનાથને આપવા માગતા હતા કે માત્ર એની કસોટી કરતા હતા એ આપણે કહી શકીએ તેમ નથી; પરંતુ એટલું ખરું કે જ્યારે નરેન્દ્રનાથે એ સિદ્ધિઓનો અસ્વીકાર કર્યો, ત્યારે એ અત્યંત પ્રસન્ન થયા હતા.

**—સંકલન**

## ॥ નરેન્દ્રનાથના જીવનનું એક સિમાચિહ્ન ॥

એક દિવસ મને વિચાર સૂઝી આવ્યો કે 'જગદંબા તો શ્રીરામકૃષ્ણની પ્રાર્થના સાંભળે છે, તો પછી મારી આર્થિક તંગી ટાળવા માટે મારી વતી પ્રાર્થના કરવાનું એમને શા માટે ન કહેવું ? મારી એ વિનંતીનો એ કદાપિ અસ્વીકાર નહિ જ કરે.' એમ ધારીને હું એકદમ દક્ષિણેશ્વર પહોંચ્યો. અને મારા ભૂખે મરતા કુટુંબની ખાતર એમની પાસે પ્રાર્થના કરાવવાનો મેં આગ્રહ કર્યો. એમણે કહ્યું : 'બેટા ! મારાથી આવી માગણી થઈ શકે નહિ. પરંતુ તું પોતે જ જઈને જગદંબાને પ્રાર્થના શા માટે કરતો નથી ? તારાં બધાં દુઃખો એની અવગણનાને કારણે જ છે,' મેં કહ્યું : 'હું તો જગદંબાને જાણતો નથી; કૃપા કરીને આપ મારી ખાતર એમને વિનંતી કરો. આપે એમ કરવું જ પડશે.' એમણે ભારપૂર્વક જવાબ આપ્યો : 'બેટા ! મેં તો વારંવાર એવી પ્રાર્થના કરી છે, પરંતુ તું એને માનતો નથી એટલે મારી પ્રાર્થના એ મંજૂર કરતી નથી. જો, આજે મંગળવાર છે. આજે રાતે કાલીમંદિરમાં જજે, જગદંબાને પ્રણામ કરજે અને જોઈએ તે માગી લેજે, તારી માગણી અવશ્ય મંજૂર થશે. એ તો જ્ઞાનસ્વરૂપિણી છે. પરબ્રહ્મની અકળ શક્તિ છે અને સંકલ્પમાત્રથી એણે સૃષ્ટિનું સર્જન કર્યું છે. કોઈપણ વરદાન આપવું એ એની સત્તાની વાત છે.' મેં એમનો શબ્દેશબ્દ સાચો માન્યો અને હું આતુરતાપૂર્વક રાત પડવાની રાહ જોવા લાગ્યો, લગભગ નવ વાગ્યે ઠાકુરે મને મંદિરમાં જવાની આજ્ઞા કરી, હું અંદર ગયો, ત્યાં તો દિવ્ય આવેશમાં આવી ગયો. મારા પગ સ્થિર ન રહ્યા. સાક્ષાત્ જગદંબાનાં દર્શન કરવાની અને એની વાણી સાંભળવાની આશાના આનંદથી મારું હૈયું પુલકિત થઈ રહ્યું. મારા મનમાં એ જ એક વિચાર રમી રહ્યો. મંદિરમાં પ્રવેશ કરીને મૂર્તિ ઉપર નજર નાખાતાવેંત મને અનુભવ થયો કે દિવ્યપ્રેમ અને

સૌંદર્યના શાશ્વત ધામરૂપ જગદંબા હાજરાહજૂર છે. ભક્તિ અને પ્રેમનાં ઊછળતાં મોજાંઓમાં હું ગરક થઈ ગયો. પરમાનંદમાં આવી જઈને મેં જગદંબાને વારંવાર દંડવત્ પ્રણામ કરવા માંડ્યા અને પ્રાર્થના કરી : 'મા ! મને વિવેક આપો ! મને વૈરાગ્ય આપો ! જ્ઞાન અને ભક્તિ આપો ! મને તમારાં સતત દર્શન થતાં રહે એવું વરદાન આપો !' મારો આત્મા પરમ શાંતિમાં નાહી રહ્યો; સંસારની વિસ્મૃતિ થઈ ગઈ અને કેવળ જગદંબાનો પ્રકાશ જ હૃદયમાં વ્યાપી રહ્યો.

"જેવો હું પાછો ફર્યો કે તરત જ શ્રીરામકૃષ્ણે મને પૂછ્યું : 'સાંસારિક ગરીબી ટાળવા માટે 'મા'ને પ્રાર્થના કરી ને ?' આ પ્રશ્નથી હું ચમકી ગયો અને બોલ્યો : 'ના જી ! એ બધું તો હું ભૂલી જ ગયો. હવે શું થાય ?' એમણે જવાબ દીધો : 'ફરીથી જા અને તારે જે જોઈએ તેની માતાજીને વાત કર.' હું ફરીથી મંદિર તરફ ઉપડ્યો. પરંતુ જગદંબાને જોઈને વળી મને મારા કાર્યની વિસ્મૃતિ થઈ ગઈ. મેં એને વારંવાર પ્રણામ કર્યા અને કેવળ પ્રેમ અને ભક્તિની જ માગણી કરી. શ્રીરામકૃષ્ણે પૂછ્યું : 'આ વખતે તો તેં તારી માગણી કરી ને ?' મેં તો જે બન્યું હતું તે કહી સંભળાવ્યું, એ બોલ્યા : 'કેવો મૂરખ જેવો છે ! એ થોડાક શબ્દો બોલી જવા જેટલો કાબૂ પણ તું ન રાખી શક્યો ? વારુ, હજી એક વાર વધુ પ્રયત્ન કર અને એમની સમક્ષ તારી માગણી મૂકી જો. જલદી કર !' હું ત્રીજી વખત ગયો પરંતુ મંદિરમાં પ્રવેશ કરતાં જ મને અત્યંત શરમનો અનુભવ થયો. મને થયું : 'કેવી તુચ્છ વસ્તુ માટે હું જગદંબાને પ્રાર્થના કરવા આવ્યો છું ! આ તો કોઈ મહાન સમ્રાટ પાસે થોડાક ગાજરમૂળા માગવા જેવું છે ! હું પણ કેવો બેવકૂફ !' શરમ મને પશ્ચાત્તાપ અનુભવીને મેં ભાવપૂર્વક જગદંબાને પ્રણામ કર્યા અને કહ્યું : 'મા ! હું જ્ઞાન અને ભક્તિ સિવાય બીજું કશું ઇચ્છતો નથી.' મંદિરમાંથી બહાર આવીને હું સમજ્યો કે આ બધું શ્રીરામકૃષ્ણની ઇચ્છાથી થયું છે, નહિ તો મારા ઉદ્દેશમાંથી હું ત્રણ ત્રણ વાર કેમ ચલિત થાઉં ? હું એમની પાસે

ગયો અને બોલ્યો : 'ગુરુદેવ ! આપે જ મારા મન ઉપર કોઈ પ્રભાવ પાડ્યો છે અને મને વિસ્મૃતિમાં નાખ્યો છે. હવે કૃપા કરીને આપ જ એવું કરી આપો કે મારા કુટુંબીજનોને દારિદ્ર્યની યાતના ભોગવવી ન પડે.' એમણે કહ્યું : 'આવી પ્રાર્થના કદાપિ મારા મુખમાંથી ન નીકળે. મેં તને પોતાની મેળે જ માગી લેવાનું કહ્યું હતું. પરંતુ તું એમ કરી શક્યો નહિ. તું સાંસારિક સુખ ભોગવવા માટે સર્જાયો નથી; ત્યાં હું શું કરું ?' પરંતુ હું એમને છોડું એમ ન હતો. મેં તો મારી પ્રાર્થના મંજૂર કરાવવાનો આગ્રહ ચાલુ રાખ્યો. આખરે એ બોલ્યા : 'ઠીક જા, તારાં કુટુંબીજનોને સાદાં અન્નવસ્ત્રની કદાપિ તાણ નહિ પડે.'''

ઉપરના પ્રસંગને નરેન્દ્રનાથના જીવનનું એક સીમાચિહ્ન ગણી શકાય.

અત્યાર સુધી ઈશ્વરના જગદંબાસ્વરૂપનું રહસ્ય નરેન્દ્રનાથથી અજ્ઞાત હતું; મૂર્તિપૂજા તરફ એ કેવળ તિરસ્કારનો જ ભાવ ધરાવતા હતા. હવે મૂર્તિ દ્વારા થતી ઈશ્વરપૂજાનો અર્થ અને હેતુ એ સમજ્યા. અને પરિણામે એમનું આધ્યાત્મિક જીવન વિશેષ પરિપૂર્ણ અને સમૃદ્ધ થયું. નરેન્દ્રનાથમાં થયેલા આ પરિવર્તનથી શ્રીરામકૃષ્ણને અતિશય આનંદ થયો હતો.

આગળ જતાં નરેન્દ્રનાથ કહેતા : ''મને મળ્યા તે ઘડીથી જ શરૂઆત કરીને ઠેઠ સુધી જો કોઈએ પણ મારામાં એકસરખો વિશ્વાસ મૂક્યો હોય તો તે એકલા શ્રીરામકૃષ્ણ જ હતા; મારી માતા તથા ભાઈઓએ પણ મારામાં એવો વિશ્વાસ મૂક્યો ન હતો. મારા તરફ એમણે જે અખૂટ વિશ્વાસ અને પ્રેમ દર્શાવ્યાં તેનાથી જ હું સદાને માટે એમની પાસે બંધાઈ રહ્યો. બીજા માણસને કેમ ચાહવો એ તો એકલા એ જ જાણતા હતા; સંસારીઓ તો માત્ર સ્વાર્થ સાધી લેવા માટે પ્રેમનો ડૉળ જ કરતા હોય છે.''

**—સંકલન**

# ॥ 'નારેશ્વરનો નાથ' શ્રીરંગ અવધૂત ॥

'કોઈપણ કાર્ય એવું ન કરો. જેનાથી કોઈનું અહિત થાય ને જે ઈશ્વરના સાંનિધ્યમાં ન કરી શકાય. આપણે ઈશ્વરને જોઈ શકતા નથી; પણ એ આપણને જુએ છે. એની હસ્તી બધે છે. આપણે જે ધરતી ઉપર ઊભા રહી કર્મ કરીએ છીએ, જે આકાશ નીચે મનસૂબા ઘડીએ છીએ, જે હવામાં હાલચાલ કરીએ છીએ તે ધરતી, તે આકાશ, તે હવા આપણા કર્મની સાક્ષી છે ને ઈશ્વરની પાસે આપણી વિરુદ્ધ કે તરફેણમાં સૂર ઊઠાવે છે માટે એક ડગ પણ એવું ન ભરો કે જેથી એની વિશ્વમાંગલ્યની યોજનામાં વિક્ષોભ થાય, એવો એક પણ શ્વાસ ન લો કે જેથી એની વિશ્વોત્ક્રાંતિની ગતિમાં અવરોધ પેદા થાય. એવો એક પણ શબ્દ ન ઉચ્ચારો કે જેથી એની વિશ્વસંવાદિતામાં વિક્ષેપ જાગે, એવો એક પણ સંકલ્પ ન સેવો કે જેથી એની વિશ્વકલ્યાણની અખંડ ધારામાં વમળ ઉત્પન્ન થાય ! જે કરો તે પ્રભુને સાથે રાખીને કરો.'

અંતરાત્માને જાગ્રત કરતી આ દિવ્ય વાણીના ઉદ્‌ગાતા છે 'નારેશ્વરનો નાથ' તરીકે પ્રસિદ્ધ સંત શ્રીરંગ અવધૂત. તેમનું મૂળ નામ પાંડુરંગ હતું. તા.૨૧-૧૧-૧૮૯૮ના રોજ ગોધરામાં તેમનો જન્મ થયો. માતાનું નામ રુકિમણી અને પિતાનું નામ વિઠ્ઠલ ભટ્ટ હતું.

દોઢેક વર્ષની વયે નનામી જોઈ પિતાને પૂછેલું, 'મરી ન જવાય એવું ન થાય ?' પિતાએ કહ્યું, 'થાય. રામ રામ કરે તો ન મરાય' નાની-કુમળી વયથી જ પાંડુરંગ રામ રામ રટવા માંડ્યો. પાંચેક વર્ષની વયે જ્યારે નાનો ભાઈ ત્રણ વર્ષનો હતો ત્યારે પિતાનું મૃત્યુ થયું. ત્રણેક વર્ષ બાદ 'મા'એ વતન દેવળે જઈ ૮ વર્ષની વયે

ઉપનયન સંસ્કાર આપ્યા. એકવાર ગોધરા પાછા વળતાં પહેલાં ઔદુમ્બર અને ગાણત્રાપુર દત્તાવતાર શ્રીમન્નૃસિંહસરસ્વતીના વિખ્યાત લીલાસ્થાને ત્યાં વિરાજતા ટેમ્બે સ્વામીના દર્શને ગયાં. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કરવા 'મા'એ શું સૂચવ્યું કે બાળક પાંડુરંગે તો દોટ મૂકી. બાળકને સ્વામીજીએ પૂછ્યું, 'દીકરા તું કોનો ?' બાળ પાંડુરંગે તરત જ કહ્યું, 'તમારો જ.' તેણે મનોમન પોતાનું મસ્તક સ્વામીજીના ચરણમાં સદાને માટે મૂકી દીધું. મોટા થયે તેમણે આ પ્રસંગ નોંધતાં અનેકવાર કહ્યું છે, 'તમને બધાંને મારું માથું મારા ધડ ઉપર દેખાય છે પણ વાસ્તવિક રીતે તો એ મારા ગુરુ મહારાજના ખોળામાં તે દિવસનું મૂકી દીધેલું છે તે હજુ પણ ત્યાંનું ત્યાં જ છે એ મેં ત્યાંથી ઊઠાવ્યું જ નથી.' આ પછી પાંડુરંગ આ ગુરુને કદી સ્થૂળદેહે ફરી મળ્યા નથી પણ 'ગુરુએ પોતાને અપનાવ્યો અને પોતે પોતાનું સર્વસ્વ ગુરુચરણમાં ન્યોછાવર કરી દીધું એ સર્વસમર્પણભાવ કદી ઓસર્યો નથી.'

પાછા વળતાં કોલ્હાપુરમાં રાતવાસો કરતાં બાળ પાંડુરંગના અંતઃકરણમાં ગુરુ મહારાજના શબ્દો ગુંજ્યા કરતા હતા 'આ અમારો બાળક છે' એ વિચારમાં ને વિચારમાં જ તે ઘસઘસાટ ઊંઘી ગયો પણ સપનામાં કોઈ જુદો જ અનુભવ ! મનોમન કહે છે : 'મને આ જગતનું કશું જ ગમતું નથી. કશું જ ભાવતું નથી.' ડૂસકાં ભરતાં ભરતાં બોલવા લાગ્યો 'હે ભગવાન ! તું જો મને પગમાં પહેરે તો હું ચંદનની પાવડી થઈને તારા ચરણકમળમાં પડી રહીશ. જો તું તારા કાળા કેશ પખાળવામાં મારો ઉપયોગ કરે તો હું નદીની ભેખડ પરથી રેશમ જેવી કાળી માટી થઈ જાઉં.' મને તારી સેવા ન કરવા દે તો છેવટે હું કૂતરો થઈને તારા ઘરની ચોકી કરતો પડી રહીશ. માત્ર તારાં દર્શનથી

જ હું સંતુષ્ટ રહીશ. પણ તારા વિના હવે મારાથી જીવી શકાય તેમજ નથી. એક વાર દર્શન આપ. આમ અતિ આર્દ્રભાવે-આર્તસ્વરે પ્રભુને પોકાર કર્યા જ કર્યા. અશ્રુથી આખી પથારી પલળી ગઈ છેવટે કરુણાસાગરને સદ્‌ગુરુરૂપે પ્રગટ થવું પડ્યું, બરડા પર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, 'પોથી વાંચ, પોથી વાંચ.' ડૂસકાં શમી ગયાં. ક્ષણમાં સ્વપ્નનો દોર તૂટ્યો માત્ર 'પોથી વાંચ' એટલું જ યાદ રહી ગયું.

સમય જતાં બાલમગજમાંથી આ વાત વિસારે પડી એમ લાગ્યું.

ઘેર આવ્યા, નિશાળે બેઠા. ભણવામાં ભારે તેજ. નિશાળે જતાં-આવતાં રસ્તામાં રામજી મંદિરે દર્શન કરવાનું કદી ચૂકે નહિ. પિતાએ આપેલ રામમંત્રનો જાપ ચાલુ જ હતો.

પાંડુરંગ શાળામાં વિનોદી અને ટીખળી તરીકે પ્રખ્યાત હતો પણ સ્થળ-સમયનો વિવેક જરાય ભૂલે નહિ. આંતર આધ્યાત્મિક પ્રવાહ એકધારો ચાલુ જ હતો.

એકવાર મામા ઘેર આવેલા તેઓ બાને કહી રહ્યા હતા કે, 'મારે જંગલમાં ફરવાનું બહુ થાય છે આ પોથી સાથે રાખવી પડે છે અને એની પવિત્રતા-એ અંગેના નિયમો પાળી શકાતા નથી. કોઈ નિયમિત પાઠ કરનાર મળે તો એને સોંપી નિશ્ચિંત થાઉં.' મામાનું કથન પૂરું થતાં પાંડુરંગ બોલી ઊઠ્યો : 'મામા ! મને એ પોથી આપો. હું એ અંગેના બધા જ નિયમો પાળીશ.' જે પોથી વાંચવાની આજ્ઞા સ્વપ્નમાં ગુરુ મહારાજે આપેલી તે આ જ પોથી હશે એમ એમના દિલના ઊંડાણમાં લાગી ગયું.

પાંડુરંગના જમાનામાં મૅટ્રિકની પરીક્ષા સાથે સ્કૂલ ફાઈનલની પણ પરીક્ષા લેવાતી તેમાં ગુજરાતી-અંગ્રેજીની મૌખિક પરીક્ષા

લેવાતી. અંગ્રેજીની મૌખિક પરીક્ષા લેવા ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ રોબર્ટસન આવ્યા. તેમણે પૂછ્યું, 'તમે બ્રાહ્મણો જનોઈ કેમ ધારણ કરો છો ?' પાંડુરંગે કહ્યું, 'આપના પ્રશ્નનો જવાબ પ્રશ્નથી આપું કે જવાબથી ?' તમને ઠીક લાગે તે રીતે કહેતાં પાંડુરંગે પૂછ્યું, 'સાહેબ, આપ કૉલર અને નૅકટાઈ શા માટે ધારણ કરો છો ?' ઉત્તર મળ્યો, 'એ મારા ખ્રિસ્તી ધર્મનું ચિહ્ન છે.' 'એવી જ રીતે આ અમારા હિન્દુ બ્રાહ્મણોનું ધર્મચિહ્ન છે.' એ ન પહેરો તો તમે હિન્દુ બ્રાહ્મણ મટી જાઓ ? વળતું પૂછ્યું, 'આપ જો કોલર-નૅકટાઈ ન પહેરો તો ખ્રિસ્તી મટી જાઓ ?' વિદ્યાર્થીની જવાબ આપવાની હિંમત, નિર્ભયતા અને સચ્ચાઈ જોઈ પરીક્ષક આફરીન થઈ ગયા. કહી દીધું, 'દોસ્ત, જા તું પહેલે નંબરે પાસ છે.'

કૉલેજની ઈન્ટરની પરીક્ષા આપવા અમદાવાદ જવાનું હતું ત્યાં તેઓ સખત બીમારીમાં સપડાયા. એક જ્યોતિષીએ કહ્યું તમારા ગ્રહો જોતાં તમે વરસ પછી પરીક્ષા આપશો તો સારા માર્ક આવશે. પણ પાંડુરંગે તો આત્મવિશ્વાસથી કહ્યું, 'હું નિયમિત દવા લઈશ. પરીક્ષા તો આપીશ જ ને પાસ પણ થઈશ જ.' પરીક્ષા પૂરી કરી ઘેર આવ્યા, બધાંને કહ્યું 'છાપામાં નંબર ન આવે તો સમજવું કે છાપાવાળાની ભૂલ છે.' ને તેઓ બીજા વર્ગમાં પાસ પણ થયા.

કૉલેજમાં ઈન્ટરની બીજી ટર્મની ફી ભરવાની હતી પાંડુરંગ પાસે પૈસા હતા નહિ. પણ તેઓ બધાને એક જ વાત કહેતા કે 'ભગવાનની ઇચ્છા હું ભણું એવી હશે તો ફીની વ્યવસ્થા થશે નહિ તો મારે સમજવું રહ્યું કે મારે માટે ભણવાનું નિર્માયું નથી.' બન્યું એવું કે ફી ભરવાની છેલ્લી તારીખને આગલે દિવસે એક અજાણ્યો માણસ પાંડુરંગને શોધતો આવ્યો. તેણે કહ્યું મારે તેને

દોઢસો રૂપિયા આપવાના છે. બીજા દોઢસો ને વ્યાજ પછી આપીશ. બધા આભા બની ગયા ! વાત એમ હતી કે માતા રુકિમણીએ સરંપોતદાર એક ભાઈને ત્રણસો જેટલી રકમ કુટુંબના એક સજ્જનની રૂબરૂ લખાણ કરાવી આપી હતી વરસો વીત્યાં પણ રકમ પાછી આવી ન હતી, તે આજે ખરે ટાંકણે આવી. પાંડુરંગે કહ્યું, 'ભાઈ તમે પ્રભુપ્રેર્યા અહીં આટલું કષ્ટ વેઠીને આવ્યા એ જ તમારું સૌજન્ય બતાવે છે. વ્યાજની વાત કરશો જ નહિ.'

કૉલેજમાં અભ્યાસની સાથે સાથે આધ્યાત્મિક વિકાસના આંતરપ્રવાહો પણ વહ્યા જ કરતા હતા. ભગવાન નામના સત્પુરુષ પાસે પાંડુરંગ અવારનવાર જતા. મૂક બની શ્રવણ કરતા, પ્રશ્ન કે શંકા ન કરતા. એમણે કહ્યું, 'જગત કરતાં જગતકરતારના દિલમાં આપણું સ્થાન સદા રહ્યા કરે એ માટે સાધક સદા જાગ્રત રહેવો જોઈએ' પછી એક વ્યક્તિને સંબોધીને કહ્યું 'એક બે દિવસમાં તમે માથું મુંડાવી એક બાજુ સફેદ, બીજી બાજુ કાળુ રંગી, અડધી મૂછ મુંડાવી, કેવળ લંગોટી લગાવીને અહીં આવજો. કહો, ક્યારે આવશો ?' પેલી વ્યક્તિ કંઈ બોલી ન શકી એટલે ગુરુ બોલ્યા 'ગભરામણ વછૂટે છે ને ?' પાંડુરંગ બોલી ઊઠ્યા 'કાલે સવારે અથવા કહો તે સમયે હું એવી રીતે હાજર થઈશ.' ગુરુએ સ્મિત વેરતાં કહ્યું 'તું એ સ્વરૂપમાં આવી ગયો. મેં તને જોઈ લીધો.'

એક સત્પુરુષે પાંડુરંગને પૂછ્યું, 'કોઈ પ્રાકૃત ગ્રંથો જોયા છે કે ?' એમનાથી બોલાઈ ગયું. 'જેને સંસ્કૃત ન આવડે તે પ્રાકૃત ગ્રંથો જુએ.' ગુરુએ બહુ વહાલથી કહ્યું, 'વત્સ ! મને સંસ્કૃત આવડે છે એ મિથ્યાભિમાન ટાળવા ખાતર પણ પ્રાકૃત ગ્રંથો

જુઓ એ જરૂરનું છે.' પાંડુરંગ તે ક્ષણે 'મનોમન નક્કી કરી દીધું કે પાંચ વરસ સુધી કોઈ સંસ્કૃત ગ્રંથ જોવો નહિ કે સંસ્કૃતમાં બોલવું સરખું નહિ.'

સ્વાતંત્ર્યની યજ્ઞવેદી પર આત્મવિલોપન સુધીની સંપૂર્ણ તૈયારી સાથે ઝુકાવવાનો નિર્ણય કરી પાંડુરંગ વળામેએ સિનીયર બી.એ.માંથી રાજીનામું આપી દીધું.

ગાંધીજીના આદેશ અનુસાર આઠ કલાક કાંતણ, અનાજ હાથે સાફ કરવાનું, વાસણ માંજવાનું, રસોઈઆને મદદ કરવાની બધું કામ હોંશપૂર્વક કરવા લાગ્યા.

પાંડુરંગનો ગાંધીજી સાથે પ્રથમ ભેટો થયો ત્યારે ગાંધીજીએ પૂછ્યું, 'ક્યાંથી આવો છો ?' તેમણે કહ્યું 'બરોડા કૉલેજમાંથી વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે.' ગાંધીજીએ જ્યારે 'તમે પ્રતિનિધિ છો એની ખાતરી ?' એમ પૂછ્યું ત્યારે તેમણે કહ્યું, 'આ પ્રશ્ન તો ત્યારે જ ઉપસ્થિત થાય છે બાપુ, જ્યારે કોઈની ફરિયાદ થાય કે આ અમારો પ્રતિનિધિ નથી. પણ બીજો જ કોઈ છે.' અને ઊમેર્યું 'સિંહનો જંગલના રાજા તરીકે કોણ રાજ્યાભિષેક કરે છે ?' — આવો આત્મશ્રદ્ધાનો ટંકાર સાંભળી ગાંધીજીએ કહેલું 'શાબાશ ! આવા એકસો જવાનો મળે તો સ્વરાજ હાથવેંતમાં જ છે.'

આવો જ એક બીજો પ્રસંગ છે ગાંધીજીએ કહ્યું 'દેવસ્થાન ખરું પણ ડાકોરમાં બહુ ગંદકી.' પાંડુરંગે કહ્યું, 'હું તો ડાકોરનાથનાં દર્શને ગયેલો. એ આહ્લાદક, ભવ્ય, રમ્ય મૂર્તિ સામી મીટ માંડીને દેહભાન જ ભૂલી ગયો !..દર્શન કરવા ગયો હતો એટલે ડાકોરનાથ સિવાય બીજો કોઈ વિચાર મનોચક્ષુ સમક્ષ હતો જ નહિ. ગંદકીના વિચારને મનપ્રદેશમાં ક્યાંય તે વખતે સ્થાન જ નહોતું. અવિનય માટે ક્ષમા, પણ જે વખતે જે

કામ કરવા જઈએ એમાં જ ધ્યાન કેન્દ્રિત કરીએ તો જ એ કામ સફળતાપૂર્વક મનમાની રીતે સિદ્ધ થાય એમ આપને નથી લાગતું ?'

આમ રાજકીય પ્રચારની બહિર્મુખી પ્રવૃત્તિમાં રત છતાં આત્યંતિક આધ્યાત્મિક વૃત્તિનો પ્રવાહ આ યુવાનના મનોપ્રદેશમાં ગુપ્ત રીતે સતત વહ્યા કરે છે એ જોઈ જાણી ગાંધીજી ખૂબ પ્રસન્ન જ નહિ, પ્રભાવિત પણ બહુ થયા.

નવજીવનની નકલો માટે પાંડુરંગ ફેરિયાઓને કહેતા 'તમારે જેટલી નકલો જોઈએ તેટલી ગણી લો અને તેના પૈસા ગણીને બાજુમાં મૂકો.' આ જાણી સ્વામી આનંદે ટકોર કરી 'આ તો પૈસાનો વ્યવહાર ! વિશ્વાસ પર ન ચાલે !' પાંડુરંગે કહ્યું, 'સ્વામી. આ તમે શું કહો છો ? સત્ય અને અહિંસાનું પ્રતિપાદન અહર્નિશ કરનાર સંસ્થાનો માણસ કોઈ સામે અવિશ્વાસથી જોઈ જ કેમ શકે ?'

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થયા પછી રાષ્ટ્રીય શાળાઓ સ્થપાઈ તેમાં 'રાષ્ટ્રીય આદર્શ વિનય મંદિર' નામની શાળામાં સંસ્કૃતના શિક્ષક તરીકે પાંડુરંગ વળામેની નિમણૂંક થઈ. અહીં તેમના આંતર આધ્યાત્મિક પ્રવાહને છૂટથી વહેવાનો અવકાશ મળ્યો. રાતના બે વાગે ઊઠે સ્નાનાદિથી પરવારી ધ્યાનાદિમાં બેસી જાય. સંસ્કૃતનો અભ્યાસ સ્વતંત્ર પદ્ધતિથી કરાવતાં-કરાવતાં 'ગીર્વાણ ભાષાપ્રવેશ' બે પુસ્તકો છપાવ્યાં.

એક વખત એમની શાળામાં ઈન્સ્પેક્શન આવ્યું. વર્ગે વર્ગે ફરતા મહામાત્ર પાંડુરંગના વર્ગ પાસે આવ્યા. પ્રિન્સિપાલે કહ્યું, 'તેઓ જમવા ગયા છે.' ઊમેર્યું 'આ શરત સાથે જ એમને રોકવામાં આવ્યા છે. મહામાત્રે વર્ગમાં જોયું તો બધા પોતપોતાનું કામ કરતા હતા. જરાક પણ ગણગણાટ નહિ. મહામાત્ર

નિરીક્ષણ કરી પાછા ફરતા હતા ત્યાં પાંડુરંગ સામા મળ્યા પૂછ્યું જમી આવ્યા ? આટલા વહેલા ?' સામે માર્મિક ઉત્તર આવ્યો 'હા સાહેબ ! મારો સૂરજ બે વાગ્યે ઊગે છે જ્યારે આપનો બધાનો છ વાગ્યે ઊગે છે. આપ જમો છો તેના કરતાં તો હું કલાકેક મોડો જમું છું.'

બીજો પ્રસંગ છે એક વિદ્યાર્થીનો ! પાંડુરંગ ગુરુવારે ઉપવાસ કરે એટલે બપોરની રજા વખતે એક જ વિદ્યાર્થી પાસે એક રૂપિયો આપીને દોઢ પાશેર પેંડા મંગાવે. દર વખતે એક જ માપના, એક જ ઘાટના એક જ વજનના પેંડા આવે. છતાં સંખ્યા ઓછીવત્તી થાય. ચાર, પાંચ કે છની સંખ્યા થવા છતાં પોતે કદી વિદ્યાર્થીને પૂછે નહિ. પાંડુરંગના દિલમાં તો આ બાબતનો કદી વિચાર જ ન આવે પરંતુ પેલા છોકરાનું દિલ ડંખે એમ કરતાં કરતાં એ ડંખની વેદના અસહ્ય થઈ પડતાં તે પાંડુરંગના પગ પાસે બેસીને ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા માંડ્યો. પાંડુરંગે પૂછ્યું 'અલ્યા શું થયું ? આટલું બધું રડે છે કેમ !' વિદ્યાર્થીએ કહ્યું, 'સાહેબ, મેં આપે મંગાવેલ પેંડામાંથી આપને કહ્યા વિના કંઈક ને કંઈક ચોરી ખાધું છે. પાછા મળેલા પૈસામાંથી પણ કોઈ કોઈ વખત ચોરી લીધા છે. હવે આ પાપની વેદના સહન થતી નથી. મને આનું કંઈક પણ પ્રાયશ્ચિત આપો.' પાંડુરંગે તેને પંપાળતાં કહ્યું, 'દીકરા ! રડ નહિ. રડ નહિ. છાનો રહે. તને એવો વિચાર કેમ ન આવ્યો કે તને ભણાવનારમાં તારા કરતાં કંઈક વધારે સમજણ હશે ?'...પણ મેં નાટક જોયા જ કર્યું, ચલાવ્યા જ કર્યું ને મારા મનને સમજાવ્યું કે મારે તને લાવી આપનારને મહેનતાણું તો ચૂકવવું જ જોઈએ ને ? તેં તારી મેળે જ એ લઈ લેવાનું નક્કી કરી લીધું. મને તો મનમાં આ બાબતનો જરાય રંજ નથી. પણ વિદ્યાર્થીએ જ્યારે પોતાની

બેચેનીની વાત કરી ત્યારે એને વાંહે હાથ ફેરવતાં ફેરવતાં ખૂબ શાંતિથી કહ્યું, 'દીકરા, જગતમાં એકેય પાપ એવું નથી કે જે સાચા દિલના પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં બળીને ભસ્મ ન થઈ જાય અને જેની ભગવાન માફી ન આપે. મારે તને બચાવવાનો નથી. તારે જ તારી જાતને બચાવવાની છે.'

એકવાર પાંડુરંગના ઢીંચણ સુધીના લાંબા વાળ જોઈ કેટલાક ટીખળી છોકરાઓ 'નાટકની બાયડી, નાટકની બાયડી !' કહેતા કૂદવા લાગ્યા તો પોતે પણ એમના સૂરમાં સૂર પુરાવી બોલવા લાગ્યા, 'નાટકની બાયડી ! નાટકની બાયડી !' એટલે છોકરાઓ શરમાઈ નાસી ગયા.

પાંડુરંગને વાંસળી વગાડવાનો ખૂબ શોખ હતો. નિશાળેથી આવી રોજ વગાડે પણ એક દિવસ ન વગાડતાં એક બેન આવી કહે 'બાબુભાઈ ! આજે વાંસળી કેમ ન વગાડી !' એ સાંભળી કશુંય બોલ્યા વિના ઘરમાં જઈને એ વાંસળી ભાંગી નાખી ! એમણે એક જ વિચાર કર્યો કે આ બેન આ વાંસળીના નાદમાં લુબ્ધ બને, તેનું પતન થાય તેમાં જવાબદાર તો હું જ ને ? કોઈને આકર્ષવામાં મારી આત્મોન્નતિ છે ? —જીવનનો ઝીણામાં ઝીણો પ્રસંગ પણ આધ્યાત્મિક શાસ્ત્રની એરણ પર એ ચકાસી લેતા.

એક વ્યુત્પન્ન પંડિતે પાંડુરંગને કહ્યું 'તમે 'દત્તાત્રેય સ્તોત્ર' તમારા હસ્તાક્ષરમાં લખી આપો તો હું તેના દશ હજાર પાઠ કરું તો ભગવાન મારી મનોકામના (દ્વારકાની પીઠાધીશ્વર બનવાની) જરૂર પૂરી કરશે.' એમણે તુરત લખી આપ્યું અને તેમ થયું જ.

આમ હીરાની કિંમત ઝવેરીએ જ આંકી !

એક વખત ઉત્કંઠેશ્વર કેદારેશ્વરના પર્યટને વિદ્યાર્થીઓને લઈને ગયા. ત્યાંની ધર્મશાળામાં રાતવાસો કરતાં જંગલનો રાજા

મોટો વાઘ ગર્જના કરતો ચોકમાં કૂદ્યો. પાંડુરંગે સામે ગુરુદેવદત્તની પ્રતિગર્જના કરી. ....ક્ષણમાં તે ઊભી પૂંછડીએ નાઠો. આ ઉપાસનાનું જ સામર્થ્ય હતું.

ઉપલક દૃષ્ટિએ પાંડુરંગ શિક્ષક યાત્રા-પ્રવાસ કરતા હતા પણ એમનું અંતર તો કોઈ અનેરા ભાવહિલોળા લઈ રહ્યું હતું. પરમાત્મદર્શનની તાલાવેલી, એને માટે કોઈ એકાંત સ્થળ શોધવાનો હેતુ, સ્વપ્નમાં સ્વામી મહારાજે પ્રગટ થઈ દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કરવાનો આદેશ આપ્યો.

અંકલેશ્વરથી પગપાળા ભરૂચ જતાં રસ્તામાં નર્મદાજીના પુલ પર દક્ષિણ બાહુ ફરક્યો. ભરૂચ પહોંચતાં મોહનલાલભાઈએ કહ્યું, 'મારી પાસે સ્વામી મહારાજનાં તમામ પુસ્તકોની એક એક નકલ મારી પૂજામાં છે.' પાંડુરંગને દત્તપુરાણ લાંબા સમય સુધી જોઈતું હતું તેથી તે અપાવવા તેમને સ્વામી મહારાજના અનન્ય ભક્ત શ્રી ગાંડા મહારાજ જેમને ત્યાં મુકામ અવારનવાર કરતા એ કલ્યાણજીભાઈને ત્યાં લઈ ગયા. અને એમની પાસે બે દત્તપુરાણ નીકળતાં તેઓ બોલી ઊઠ્યા : 'બ્રહ્મચારીજી આપને માટે જ ગુરુ મહારાજે આ ગ્રંથની બે નકલ અહીં સાચવી રાખી છે. આપ એક નકલ ગુરુમહારાજની પ્રસાદી સમજી સ્વીકારો !'

આમ શાળામાં કામ કરતાં કરતાં ગુજરાતના ભક્તકવિઓનું સાહિત્ય, મરાઠી સાહિત્ય સંસ્કૃત, પ્રાકૃત બધું વાંચી નાખ્યું. નિત્યની આધ્યાત્મિક સાધના તો ચાલુ જ હતી.

એવામાં ગુજરાત વિદ્યાપીઠના મકાનના શિલારોપણવિધિ માટે ભારતના પ્રસિદ્ધ વિજ્ઞાની ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય આવવાના હતા. પાંડુરંગ સાહેબે તેમને માટે એક માનપત્ર સંસ્કૃતમાં લખી, ખાદી પર છપાવી દીધું. એ વાંચી રોય સાહેબે કહ્યું. 'આમાં જે

ભાવ વ્યક્ત થયા છે એવા અંતરના આત્મીય ભાવ મારા જેવા પરમપ્રાંતીય માટે ક્યાંય ઊછળ્યા મારા જાણ્યામાં નથી !'

વખતના વહેણ સાથે શાળા સંચાલકોમાં મતભેદ ઊભો થયો. એકની મનોવૃત્તિ સરકારી આધિપત્ય સ્વીકારી, વિદ્યાપીઠ સાથેનો સંબંધ તોડી નાખવાની થતાં ત્રણ સ્નાતકોએ રાજીનામાં આપી દીધા એમાં એક પાંડુરંગ પણ હતા. આમ શિક્ષક તરીકે રાષ્ટ્રીય શાળામાંથી મુક્ત થયા પણ ભાઈ-માતાની જવાબદારીમાંથી મુક્ત ન હતા થયા એટલે અનસૂયાબહેન અને શંકરલાલ બૅન્કરને ત્યાં સંસ્કૃત ભણાવવા જવા માંડ્યા.

એની બેસંટની ગીતાના અંગ્રેજી ભાષાંતરની ભૂલ પકડી નાખતાં કહ્યું 'પરદેશીને બીજા દેશની ભાષાનું હાર્દ સમજતાં વાર જ લાગે.' ગીતાકાર કહેવા માગે છે 'તું હોય કે ન હોય તો પણ બધા હણાયેલા જ છે.' ભાષાંતરકાર એમ કરે છે 'તારા વિના બધા હણાયેલા છે.' without thee નહિ In spite of yourself હોવું જોઈએ.

પાંડુરંગને કોઈએ પૂછ્યું, 'સિદ્ધ મહાત્માઓ હજુ પણ ભારતમાં છે ખરા ?' એમણે તરત જ કહ્યું, 'છે જરૂર છે. મેં અને આપે કોઈ ન જોયા હોય માટે નથી અથવા ન હોઈ શકે.' એમ ના મનાય. 'આપણે એમને અહીં આવવાની બધી સવલત આપીએ તો આપણે ત્યાં એ ન આવે ?' —એ સાંભળતાં જ પાંડુરંગે પુણ્યપ્રકોપ ઠાલવ્યો 'જે રામદિવાનો થઈને બેઠો છે તેને કોઈનીય શી પડી છે ? શ્રી, સત્તા, સંપત્તિ કે સન્માન વૈભવ, ઐશ્વર્ય કશાયને તે ગાંઠતો નથી. આપણે ગરજ હોય તો એની મુનસફી પ્રમાણે આપણે રહીએ.'

**—સંકલન**

# ।। મારો અરિ : અ-હરિ ।।

'હરિ' જ આપણા અસ્તિત્વનો-સમગ્ર જીવનનો મૂળ સ્રોત છે. આપણે શરીર અને મનથી ભલે ભૌતિક જીવન સંવેદતાં હોઈએ પણ આપણે નથી શરીર કે નથી મન. આપણું સ્વરૂપ ચૈતન્ય છે એ અ-મર આત્મા છે. આ મૂળ સ્રોત તરફ આપણે પાછા નહિ વળીએ ત્યાં સુધી જીવનભરનું આપણું ભ્રમણ નિરર્થક જશે એ નિર્વિવાદ છે. એટલે આત્માની આડે આવતા તમામ અંતરાયો-અવરોધો-'શત્રુઓ' પુરવાર થાય એ સ્વાભાવિક છે.

'શત્રુ' કોઈ વ્યક્તિવાચક શબ્દ નથી. 'મિત્ર'નો એ સાપેક્ષ શબ્દ છે ખરો. પણ આપણા જીવનમાં શત્રુ અને મિત્ર આ બંને સંજ્ઞાઓ અલગ-અલગ તારવી શકાય એવી શક્યતા નહિવત્ છે. મોટેભાગે બંને છદ્મવેશે રહે છે. એક સિક્કાની બે બાજુની જેમ બંને વરતાય છે. એટલે 'આ મારો શત્રુ ! લો એને મળો' એમ કહીને એનો પરિચય કરાવવો અશક્ય.

પ્રભુકૃપાથી જીવન મિત્રો-મૈત્રીથી એટલું ભર્યુંભર્યું રહ્યું છે કે, 'શત્રુ' તો હજી સુધી ભાષાના કોશનો જ એક શબ્દ બનીને રહ્યો છે. જીવનકોશમાં એક વ્યક્તિ એવી નથી મળી કે જેને 'શત્રુ' તરીકે ઓળખી-ઓળખાવી શકાય. હા, ગમતું-અણગમતું ઘણું બન્યું છે પણ જન્મથી આજ સુધીના જીવન દરમિયાન કોઈ વ્યક્તિ કે કોઈ પરિસ્થિતિ એવી નથી મળી કે જેનું વિભાગીકરણ 'શત્રુ'ના ખાનામાં કરી શકાય.

પરંતુ તાત્ત્વિક રીતે જોતાં જન્મ એટલે અહંકારનો જન્મ. એ મૃત્યુમાં પરિવર્તિત ન થાય ત્યાંસુધી જે શ્વાસ લેવા પડે એ પ્રત્યેક શ્વાસ આપણો શત્રુ છે.

આ સંદર્ભમાં જન્મ-બાળપણ-કૈશોર્ય-યુવાની-વૃદ્ધાવસ્થા,

જીવનના આ તમામ તબક્કા અનાત્માના પર્યાય છે, અર્થાત્ આત્માના શત્રુ છે.

જગતમાં માનવીનો એક જ મિત્ર છે એનો આત્મા જે બહાર નથી, ભીતર છે. જે સર્વદા છે, સર્વકાળ છે. એટલે શરીરનો જન્મ એ આત્મહત્યા છે; તેથી જન્મથી મૃત્યુ સુધીની યાત્રામાં 'જીવન'ના ત્રણે અક્ષરો શત્રુની ગરજ સારે છે. પરમાત્માથી છૂટા પડેલા અંશ એવા આત્માને પુનઃ પરમાત્માની પ્રાપ્તિ ન થાય ત્યાંસુધી જીવન શરીર-મનને સ્તરે જ ચાલે છે, એ શત્રુનો જ પર્યાય હોય છે.

આપણે આખી જિંદગી સુખદુઃખના ચકરાવામાં, દૈહિક-માનસિક સુખાકારીની ચિંતામાં, પદાર્થોમાંથી સુખ મળે છે. એવા મિથ્યા ખ્યાલથી પ્રેરાયેલા, બાહ્ય ભૌતિકતામાં અટવાયેલા રહીએ છીએ. આ આખીયે પરિસ્થિતિ-આપણી સ્થિતિ-કહેવાતી ગતિ-પ્રગતિ બધું જ આત્માને ભોગે, એને બાજુએ રાખીને સંભવે છે, એ સઘળું આત્મદ્રોહ કરનારું તત્ત્વ દુશ્મન છે, જે ભીતર સતત ખળભળાટ કરતું રહે છે, રવીન્દ્ર પારેખ કહે છે તેમ;

'યુદ્ધ રણમાં હો તો પહોંચી વળું
આ તો ભીતર શાંત વિપ્લવ થાય છે.'

વળી આ દુશ્મન જાત-જાતનાં, આકર્ષકમાં આકર્ષક સ્વાંગ ધરીને આવે છે. એટલે એની અસલિયતને ઓળખવામાં આયુષ્ય પસાર થઈ જાય છે.

આપણો જન્મ ચૈતન્યનો હોય છે, શુદ્ધ ચૈતન્યનો ! એના પર નામ-રંગ-રૂપનાં આવરણો ચઢતાં જાય છે. શત્રુ એનાં આયુધોની ધીરે ધીરે ધાર કાઢે છે ! બાળપણનાં નિર્દોષતા, સરલતા, નિખાલતાના મિત્રોનો સંગ બહુ અલ્પકાલીન નીવડે છે. ઘરમાં સ્નેહસુરક્ષિત વાતાવરણ ફળિયામાં પગ મૂકતાં જ અદૃશ્ય થઈ જાય છે. મારું ઘર, મારું આંગણું, મારો દડો, મારું

બેટ, મારી જીત, તારી હાર આવા સ્પર્ધાત્મક શત્રુઓની હારમાળા સાથે મારાં-મારાં સંબંધોની ગાંઠ દૃઢ બનતી જાય, ઘરની અંદર-બહાર ભેદો-પ્રભેદો દુશ્મનોરૂપે ખડા થઈ જાય !

શાળામાં એક નિશ્ચિત ઘરેડમાં જીવનનાં અમૂલ્ય વર્ષો ગોઠવાઈ જાય. 'ભીતરનું બહાર આવવા ન દે. અને બહારથી માહિતીઓ થોપ્યા કરે' એવા શિક્ષણની જડબેસલાક વ્યવસ્થા-ગુજરાતી-હિન્દી-અંગ્રેજી-ભૂગોળ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર-ગણિત-ચિત્રકામ-સંગીત-વ્યાયામ. આ બધાંનું સામટું આક્રમણ બુદ્ધિ તીક્ષ્ણ બનાવે, તર્કશક્તિ બઢાવે પણ ભીતરના માંહ્યલા માટે શત્રુની ગરજ સારે ! આટલું ઓછું હોય એમ દિવસના પાંચ-છ કલાક યુનિફૉર્મ, દફતર, પાણીની બૉટલ, લંચબોક્ષ સવારે ભરી, સાંજે ખાલી કરવામાં અત્યંત યંત્રવત્ એકવિધતામાં પસાર થઈ જાય. એક જીવતા-જાગતા-છલકતા ચૈતન્ય પર ચહુદિશથી આવતાં નિયંત્રણોની પકડ શત્રુતાનો ક્રૂરતમ દુશ્મનીનો પર્યાય ! કદાચ સાચા શિક્ષણવિદોએ એટલે જ 'શાળાઓને કેદખાનું' ગણાવી, 'Beware of schools' બૉર્ડ લગાવવાની હિમાયત કરી છે.

પછી આવે કૉલેજ ! કૉલેજમાં દેખીતી મુક્તિની આબોહવા-યુનિફૉર્મ નહિ, ચોપડા નહિ. અ-નિવાર્ય હાજરી પૂરાવી કે છૂટ્ટા. બંધનરહિતતા જ લક્ષ્ય-કૃતક, બનાવટી સ્વતંત્રતા ! યુવાકાળનાં સુવર્ણ વર્ષો આમ જ વહી જાય. ગંભીર-ખર્ચાળ અભ્યાસક્રમોમાં ય વિદ્યાર્થીઓ નિર્જીવ યંત્ર જેવા, બોજો વેંઢારનાર બની જાય.

પછી નોકરીની ચિંતા ! આર્થિક રીતે પગભર રહેવાનો કોઈક કીમિયો વિચારવો પડે. મનપસંદ કામ નહિ, જે મળે એ કામ લઈ જિંદગીના વર્ષો વેંઢારવાનાં ! લગ્ન-બાળકો-સંસાર, જવાબદારીનાં પડો પર પડો વધતાં જાય. વૃદ્ધત્વ આવે, નિવૃત્તિ

દ્વાર ખટખટાવે પૅન્શનની કૃપા પર અવલંબિત જીવન ! ઘરમાં એક બોજાની જેમ, જૂના તૂટેલા-ફૂટેલા ફર્નિચરની જેમ ખૂણામાં પડી રહેવાનું ! અસ્તિત્વની આવી ઘોર વિડંબના, અવજ્ઞા-ઉપેક્ષાના 'શત્રુનું દળ' જાણે ચારેકોર ગોઠવાઈ જતું હોય એમ લાગે.

આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું : 'યુદ્ધસ્વ'. સ્વજનોના સ્વાંગમાં રહેલા શત્રુઓ સામે લડવાનું કહ્યું હતું. આજે શત્રુઓ જણાય, ઓળખાય, પરખાય પણ એની સાથે લડવાનું છે એ ભૂલી જવાય છે. શત્રુઓને જ મિત્રોરૂપે આવકારાય છે, અલબત્ત એ બધા હોય છે પાણીના પરપોટા જેવા; જેવા ઉદ્‌ભવે એવા શમી જાય ! જીવનના વેગમાં જે શત્રુ મળ્યા એ બધા ક્ષણજીવી મળ્યા.

આજે શોધી-શોધીને, તપાસી-તપાસીને એક 'શત્રુ' મળ્યો છે. એનું નામ છે અનાત્મા. આત્મજાગૃતિ જો મનુષ્યજીવનનું એકમેવ લક્ષ્ય છે એ જાણ્યા પછી અનાત્માની પ્રવૃત્તિઓમાં-જીવનભરની દોડમજલમાં રચ્યાપચ્યા રહેવું, દેખીતી સુરક્ષિતતામાં રહેવું, જેની છાયા જ્વાળામુખીને અડેલી ભીત છે એવું જાણ્યા છતાં એના જ આશ્રયે રહેવું. બહિર્મુખતામાં ઈન્દ્રિયસુખોમાં અટવાવું. જીભ આસ્વાદમાં જ રાચે, પેટ-શરીર બળવો કરે તો પણ ! વાણી વિલાસમાં રત રહેવું ને 'જિંદગીમાં બે વાર પસ્તાયો. કોઈવાર કંઈ કહીને, કોઈવાર ચૂપ રહીને !' જેવી ઉપહસનીય અવસ્થામાં રહેવું. આંખો દૃશ્યો-દૃશ્યાવલિઓમાં રાચે, દૃષ્ટિ હજી ભીતર ઝાંખતી નથી, એને પ્રભુદર્શનની અભીપ્સા નથી. કર્ણ પ્રશંસા-ખુશામતના ઘોંઘાટ-કોલાહલમાં રાચે છે, આત્મસંગીતના સૂરશ્રવણમાં એ મગ્ન રહી શકતા નથી. સ્પર્શેન્દ્રિય ઉષ્ણ-શીતળના ભેદને પારખે છે છતાં દાઝી જાય છે, ઠરી જાય છે. ઘ્રાણેન્દ્રિય કૃત્રિમ સ્પ્રે અત્તરોની

અપેક્ષાએ સહજ સુગંધ સુધી પહોંચતી નથી. ટૂંકમાં, પંચેન્દ્રિયનો વ્યવહાર જડવત્ ચાલે છે. જળ, વાયુ, તેજ, આકાશ, પૃથ્વી-આ પાંચ તત્ત્વો સાથે મેળ-સુમેળ-સંવાદ નથી.

મોહ, આસક્તિ, આકર્ષણોથી ઉપર ઊઠી 'શુદ્ધ પ્રેમ'ની અનુભૂતિ સુધી પહોંચવાની મથામણ નથી.

'આત્મતત્ત્વનું જાગરણ અને દેહાધ્યાસમાંથી મુક્તિ. એ અધ્યાત્મ છે. એટલે દેહ સાથે ચીટકેલા 'હું' પણાને ઉખાડીને આત્મા સાથે ચોંટાડી દેવાની યાત્રા જ અધ્યાત્મ છે. આ સમજાયા પછી તો સમગ્ર જીવન જ પ્રભુપૂજાનું પુષ્પ બની જાય.' આ સત્ય સુપેરે સમજાયા પછી પણ જીવાતું નથી એટલે દુશ્મનોની ફોજ કહો કે, 'અનાત્મની હકૂમત' વધતી જાય છે.

દુન્યવી સુખો, દુન્યવી કીર્તિ-માન મરતબાની ઝંખના રહે એમ આધ્યાત્મિકતા પણ આમાંની એક ઇચ્છા જ બની રહે છે. એ સર્વોપરિ આકાંક્ષાનું રૂપ નથી લઈ શકતી, પરિણામે આત્મદ્રોહની સ્થિતિ રહે છે.

તો 'અનાત્મા' જ એકમેવ શત્રુ જણાયો છે. એને હણવાનો ઉપાય એક જ છે : આત્મસ્થિત, રહેવાનો. આત્મપ્રતિષ્ઠ થતાં જ એ અદશ્ય થઈ જશે. ખરેખર તો એનું અસ્તિત્વ છે જ નહિ કારણ કે આત્મા જ એકમાત્ર સત્ય છે.

આ પ્રતીત થયા પછી આટલી આત્મજાગૃતિ પછી યુદ્ધ પણ નહિ કરવાનું રહે. 'બુદ્ધ' બન્યા કે વાત પતી-અથવા કહો કે શરૂ થઈ ! પછી તો પયગમ્બરી મસ્તીથી, નિર્ફિકરાઈથી કહી શકાશે : 'ખુદાના પ્રેમનું એવું પ્રભુત્વ છે કે, તેના સિવાય દિલમાં અન્યની દોસ્તી કે દુશ્મની માટે જગ્યા જ નથી.'

'કોઈ કરતાં કોઈ 'અરિ' નહિ, બધા જ 'હરિ' !'

—તરલા દેસાઈ